# જ્ઞાતિમૈયા

**જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર**

ઈ-મેગેઝીન • વર્ષ : ૧ • અંક : ૨૮-૨૯ • તા. ૨૨ ડિસેમ્બર ૨૦૧૮ થી ૦૪ જાન્યુઆરી ૨૦૧૯

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, 2, Krishan Kunj, Valaji Ladha Road, Mulund (West), Mumbai - 80.


# જ્ઞાતિમાં સુવર્ણ ઈતિહાસ રચાયો

## ચતુર્થ સંમેલન સફળતાપૂર્વક સંપન્ન



## ચતુર્થ સંમેલનમાં ઠરાવો સાથે કાર્યોનું પ્રારંભ



Shree Samast KDO Jain Mahajan

www.kdosamastamahajan.org

મારો હરિ કરે તે કદી કોઈ કરી તો જુઓ,
ચાંદ સૂરજને કોઈ હવામાં અધ્ધર રાખીતો જુઓ,
મોરના પીંછા જેવા રંગો કોઈ ભરી તો જુઓ,
બાગ-બગીચા, વન-વનરાઈઓ નહીં-પર્વતો
કોઈ સર્જીતો જુઓ,
દાડમમાંથી દાણા કાઢીને,
પાછા અને એમાં ભરીતો જુઓ.

- અજ્ઞાત



નીશિથ આનંદ દંડ

Sure Safety®
Complete Safety Solutions
PPE Training Consulting & Services



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા

**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ
જયંત વસનજી છેડા
રાજેન્દ્ર મણીલાલ ખોના
લક્ષ્મીચંદ લાલજી પોલડીયા
પ્રવીણ હંસરાજ લોડાયા
તીલોકચંદ નરશી દંડ
કિર્તીકુમાર ધનજી ધરમશી

**-: કાર્યાલય :-**


**પોસ્ટ/કુરીઅર પત્રવ્યહાર માટે સરનામું**

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
B-2, Krishana Kunj,
V.L.Road, Mulund (West)
Mumbai - 400 080.
Tel. 9769991922
9833406124


**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**


www.kdosamastamahajan.org
Email :
gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ ઓચ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# અદ્‌ભૂત, અનન્ય અને અપ્રતિમ રહ્યું ચતુર્થ જ્ઞાતિ સંમેલન

અનેક મહિનાઓની તૈયારીઓ વિવિધ મહાજનનોની મહેનત, અનેક જ્ઞાતિ મોવડીઓના વિચાર વલોણાના પરિપાક પછી અને નાના મોટા યુવા અને અને મહિલાઓના સાથ, હાથ અને સંગના સમન્વયથી ચતુર્થ જ્ઞાતિ સંમેલન નલિયાને આંગણે ભવ્યતાથી યોજાયું.

ત્રિદિવસીય આ સંમેલન વર્ષોના અંતરાલ બાદ યોજાયું. એક આખી પેઢી આ દરમ્યાન જન્મી, ઉછરીને યુવાન થઈ ગઈ. સંયોગથી આ સંમેલનમાં પ્રથ મવાર જ્ઞાતિની મહિલા શક્તિ અને યુવા શક્તિ માટે વેગળું આયોજન કરાયું. સૌ પોતપોતાની રીતે કટીબદ્ધ રહી કાર્યરત રહ્યા અને આયોજનમાં સહભાગી રહ્યાં. દિવ્યાંગ યુવા જ્ઞાતિજનો સંમેલનનું દીપ પ્રાગટ્ય કરી શરૂઆત કરી. આચાર્ય મહારાજ સાહેબએ આશિવર્ચન આપી ધન્ય કર્યા. નલિયા નગરથી પાવન ધરા વરસાદના અભાવે સૂકી ભઠ હતી પણ ૧૧૦ મહાજનોના મોવડીઓ પ્રતિનધિઓ અને વિવિધ વયજૂથના યુવાનો મહિલાઓની હાજરીથી ધરતી જાણે ઘડીભર લીલીછમ થઈ ગઈ હતી.

સ્થાનિક વતનની કપરી પરિસ્થિતિમાં આપણે પણ સહભાગી છીએ એવી ભાવના બતાવવા વિવિધ પાંજરાપોળમાં ગૌ વંશ માટે ચારાની સહાય આપવાની ઉદાર જાહેરાત કરાઈ. આમ આપણે આપવા વતન બાંધવો સાથોસાથ ઉભા છીએ એવી ભાવના વ્યક્ત કરી.

૪ જ્ઞાતિરત્ન એવોર્ડ, ૧૩ જ્ઞાતિ ભૂષણ અને ૩૦ જ્ઞાતિ ગૌરવ એવોર્ડથી વિવિધ મહાનુભાવોને સન્માનિત કરાયા. એ પણ સૌ માટે વિરલ પ્રસંગ બની રહ્યું.

સમય અનુરૂપ ટેક્નોલોજીનો આધાર લઈ યુવા શક્તિ અને મહિલા શક્તિ માટે વિવિધ આયોજન, કાર્યક્રમ થયા અને અદ્‌ભૂત સફળતાને વર્યા. આ બન્ને પ્રથ મવાર જ્ઞાતિ સંમેલનમાં ભાગ બન્યા અને ઉત્સાહથી સંમેલનનો હિસ્સો બન્યા એ ઘટના સિદ્ધિપૂર્ણ બની રહી. તેમની શક્તિને અશ્વ વેગબળ મળ્યું છે તેમના ઉત્સાહને બળ આપશે અને આગામી સમયમાં તેના પરિણામ આપણા જ્ઞાતિને જરૂર જોવા મળશે જ.

વહાલું આપણું વતન, ખુશનુમા મોસમ, વર્ષો પછી જ્ઞાતિ સમાજમાં આદરાયેલ. મહામુલો અવસર આ સર્વેથી તરબતર થઈ આપણે સૌ સ્વસ્થાને પરત આવી ગયા છીએ. સંમેલનની યાદો, તેના સંભારણાથી આપણા સૌ છલોછલ થઈ તરબતર થઈ ગયા છીએ. હવે તૈયાર થઈએ સમેલનમાં થયેલા સંકલ્પોને સાકાર કરવા.

જય જ્ઞાતિમૈયા

# જ્ઞાતિમાં સુવર્ણ ઈતિહાસ રચાયો

## ચતુર્થ સંમેલન સફળતાપૂર્વક સંપન્ન



**સંમેલનના મુખ્ય સહયોગી શેઠશ્રી હંસકુમાર બી. ખીમજીનું શાબ્દીક બહુમાન અને નલિયા મહાજને શેઠશ્રીનું યથાયોગ્ય સન્માન કરવામાં આવ્યું હતું**

૨૭ વર્ષના વહાણા બાદ કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિનું ચતુર્થ સંમેલન ૨૩-૨૫ ડિસેમ્બર, ૨૦૧૮ દરમ્યાન કચ્છ નલિયા મધે યોજાઈ ગયું. જ્ઞાતિ સમસ્તના યુવા-નારી શક્તિ એવં જ્ઞાતિજનો સૌ અત્યંત ઉત્સાહિત હતા અને આગલે દિવસે સૌ નલિયા પહોંચી ગયા હતા.

રવિવાર, તા.૨૩મીના સવારના બરાબર ૯.૩૦ વાગ્યે નલિયા ગામના ચોતરે, અબડા અડબંગના સ્મૃતિચોક પાસે સૌએ તપચક્રવર્તી અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી ગુણોદયસાગરસુરીશ્વરજી મ.સા. અને અન્ય સાધુભગવંતને સામૈયામાં વંદન કરીને સંમેલન સ્થળ શ્રી ભવાનજી અરજણ ખીમજી નગર ખાતે સરઘસાકારે પધાર્યા. ઢોલ, બેડાં અને ગહુલી દ્વારા વિધિવત એમનું સ્વાગત કરાયું. તે બાદ જૈન ધર્મના ધર્મધ્વજને વાસક્ષેપથી વધાવીને ધ્વજ સમસ્ત મહાજનના પદાધિકારીઓએ ફરકાવ્યો. સંમેલનના ડોમનું ઉદ્‌ઘાટન પ.પૂ.અચલગચ્છાધિપતિના વાસક્ષેપ આશિર્વાદ સાથે ૩જા સંમેલનના પ્રમુખશ્રી રાજેન્દ્ર મણીલાલ ખોના અને સંમેલન મુખ્ય સહયોગી શેઠશ્રી હંશકુમાર બી. ખીમજીએ ઉદ્‌ઘાટન કર્યુ. પૂજ્યશ્રીઓ મંચસ્થ થતાં તેમનું વિધિવત વંદન દ્વારા સ્વાગત કરાયું. ગચ્છાધિપતિશ્રીએ માંગલિક સંભળાવી આર્શિવાદ આપ્યા અને પ.પૂ.આચાર્યશ્રી વીરભદ્રસાગરસૂરિએ પ્રાસંગિક પ્રવચન કર્યું. મુનીરાજ શ્રી પ્રિયંકરસાગર મ.સા.એ જ્ઞાતિનો ઈતિહાસ યાદ કરીને આગળની પેઢીઓ માટે સર્વદિશિય કાર્ય કરવા આદેશ આપીને, સૌ વતન પધાર્યા તે બદલ ખુશી વ્યક્ત કરતાં, દરેકને પોતાના વતનની ધરોહરો-દેરાસરો-સંસ્થાઓનો ખ્યાલ કરી યોગ્ય યંત્રણા ઊભી કરવા તેમજ વતનમાં રહેતા જ્ઞાતિજનો એવં આપણા પરિસરમાં રહેતા ચોપગા પ્રાણીઓ માટે દુષ્કાળના સમયે પાણી/ઘાસચારાની વ્યવસ્થા કરવા આદેશ આપ્યો. દિવ્યાંગોએ દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરી હતી.

અરિહંત પરમાત્મા અને દેવીઓના ફોટા એવમ્ જ્ઞાતિ શિરોમણી નરશીનાથા છબીને પૂષ્પમાળાથી આભૂષિત કરી પ.પૂ. ગચ્છાધિપતિશ્રી ગુણોદયસાગરશ્રીનું ચડાવા બાદ લાભાર્થીઓ દ્વારા ગુરુપૂજન કરાયું હતું અને કામળી વહોરાવાઈ હતી. સંમેલન દરમ્યાન પાંજરાપોળમાં પશુઓને લીલો ચારો / લાપસી આપવાનું નક્કી થયું હતું.

સ્વાગત પ્રમુખ શ્રી દિલીપ કુસુમકાંત નાગડાએ સૌને આવકાર્યા હતા. ૩જા સંમેલનના પ્રમુખશ્રી રાજેન્દ્ર મણીલાલ ખોનાએ સંમેલન ખુલ્લું મૂકાયાની જાહેરાત કરીને ચતુર્થ સંમેલનના પ્રમુખશ્રી મુલચંદ પદમશી મોતાને સુકાન સોંપ્યું હતું.

સેક્રેટરી જનરલ શ્રી નિશીથ દંડે સૌને આવકારીને કાર્યવાહી બાબત જાણકારી આપી હતી. અબડાસાના ધારાસભ્ય શ્રી પ્રદ્યુમનસિંહ જાડેજાએ પ્રાસંગિક પ્રવચનમાં આ દુષ્કાળની પરિસ્થિતિમાં સરકાર તરફથી સર્વે યોજનાનો લાભ આપણા પરિસરની પાંજરાપોળ-ગૌશાળા-ઢોરવાડાને મળે અને પરિસરમાં રહેતા ગ્રામ્યજનોને પાણીની સગવડ બરાબર જળવાય તેની

# જ્ઞાતિમાં સુવર્ણ ઈતિહાસ રચાયો...



તકેદારી રાખવાની જવાબદારી સ્વીકારી હતી.

પૂ.સાધુભગવંતોએ વિદાય લેતાં આર્શિવાદ આપ્યા હતા અને આવતી પેઢીને ધાર્મિક શિક્ષણ આપવા ભલામણ કરી હતી. શ્રેષ્ઠીવર્ય રાયચંદ હંશરાજ ધરમશી પરિવાર તરફથી ૧૦ સાઈનીંગ સ્ટાર પાઠશાળા શરૂ કરવા સંમતી અપાઈ છે અને એક પાઠશાળા આણંદ પરિવાર તરફથી જાહેર થઈ હતી. ભોજનનો સમય થઈ જતાં સૌ ભોજન લેવા પધાર્યા હતા.

સંમેલનનું બીજું સત્ર, સંમેલનનું પ્રથમ અધિકૃત સત્ર હોતાં, સર્વે મહાજનોના પ્રતિનિધિઓ/ડેલીગેટો સાથે શરૂઆત થઈ હતી. મુંબઈ મહાજનની આગેવાની હેઠળ જ્ઞાતિના સર્વે મહાજનો, ગામોના અધિકારીઓ/અધિકૃત પ્રતિનિધિઓની તા.૨૩-૦૨-૨૦૦૮ના ભાંડુપ મુકામે બોલાવેલ અધિવેશનમાં ક.દ.ઓ.નાની ન્યાતનું આપણી જ્ઞાતિમાં થયેલ વિલિનીકરણને માન્યતા સહ નોંધ લેવાઈ હતી અને તા.૨૫-૧૧-૨૦૧૮ના મહાસમિતિએ સર્વાનુમતે પસાર કરેલ શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન મહાજનના સુધારેલ બંધારણને આજરોજ સંમેલનની બહાલી લેવાઈ હતી અને આજથી શ્રી સમસ્ત મહાજનનું નવું બંધારણ અમલમાં આવે છે ની જાહેરાત કરાઈ હતી.

આવતા બે દશકમાં જ્ઞાતિને વિકાસ તરફ દોરવા માટેની યંત્રણા સમજાવવામાં આવી હતી અને 'કે.ડી.ઓ. ગ્લોબલ કાર્ડ' બાબત પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનથી રજૂઆત પડદા પર કરાઈ હતી. આ કાર્ય જ્ઞાતિજનોની એક ઓળખ બની રહેશે. સમસ્ત મહાજન જે યોજનાઓ રજૂ કરે તેનું આ કાર્ડના ધારકને જ લાભ મળશે. શ્રી નિશીથ દંડે એમાં પ્રિમીયમ કાર્ડની પણ યોજના જણાવી હતી. જે પાંચ લાખ રૂપિયાનું રહેશે. આવા પ્રિમીયમ કાર્ડ શ્રેષ્ઠીઓએ નોંધાવ્યા હતા અને દરેક ગામના મહાજનોએ પોતાના ગામના દરેક કુટુંબોને આવરી શકાય, તે માટે સાધારણ ફંડોમાં નામ નોંધાવ્યા હતા. મુંબઈ માટે શ્રી અનંતનાથજી ટ્રસ્ટે ૧૪૦૦ સાધારણ કાર્ડ નોંધાવ્યા હતા. આમ કે.ડી.ઓ. ગ્લોબલ કાર્ડને જ્ઞાતિએ વધાવી લેતાં ખુશીનો માહોલ સર્જાયો હતો.

- ભારત સરકારે જૈનોને લઘુમતી સ્ટેટ્સ આપેલ છે. આ અન્વયે મળતી તમામ સગવડો અને ફાયદા જ્ઞાતિજનો માટે મેળવવાની યંત્રણા ઊભી કરવાની ટ્રસ્ટબોર્ડને સંમેલને સંપૂર્ણ સત્તા આપી હતી અને સમિતિની રચના કરવામાં આવી હતી.
- આપણી જ્ઞાતિમાં દેવી-દેવતા-પીરની પહેડીઓનું ચલણ વધી ગયું છે. એક જ દેવીને માનતા જુદા-જુદા ગોત્ર પહેડી યોજે છે. ઘણા ગામવાર તથા કુટુંબવાર યોજે છે. આમંત્રિતો એવં શ્રેષ્ઠીઓનો આ પહેડીઓમાં આવવા જવામાં વ્યવસાયિક સમય વેડફાય છે. દેખાદેખીમાં અન્ય ખર્ચા થાય છે. આ સમસ્યાનો બધાને માન્ય ઉકેલ શોધવા શ્રી પ્રવીણભાઈ લોડાયાના પ્રમુખપદે સમિતિ નિમવા સંમેલને ઠરાવ કર્યો છે. સમિતિના સભ્યોને છ મહિનામાં અહેવાલ આપવા ભલામણ કરાયેલ છે.
- શિક્ષણક્ષેત્રે વિવિધ સંસ્થાઓ સ્કુલ/કોલેજ સાથે ટાઈઅપ કરી નવા એડમીશન માટે સીટ રીઝર્વ કરવી. એન્જીનીયરીંગ-મેડિકલ-કાયદોના પ્રવેશ માટે સંસ્થાઓના કોટામાં ડોનેશન વગર એડમીશન મેળવી આપી સહાયરૂપ થવાની યંત્રણા ગોઠવાઈ છે. પાંચ/છ સંસ્થાઓમાં સીટ માટે ટાઈઅપ થયું છે. ફીસ માટે VLVG કે દાતા સાથે વાત કરવાનું વિચારાયું છે.
- ક.દ.ઓ. જ્ઞાતિની વિશ્વમાં આગવી ઓળખ ઊભી કરવા સંમેલને લોગોની ડીઝાઈન પાસ કરી છે. દરેક કચ્છી દશા ઓસવાલ મહાજન/સંસ્થા/જ્ઞાતિજનો પોતાની સંસ્થાના લોગો સાથે જ્ઞાતિનો લોગો વાપરશે અને પોતાની ઓળખ

# જ્ઞાતિમાં સુવર્ણ ઈતિહાસ રચાયો...



ઊભી કરશે.

● જ્ઞાતિમાં લગ્નજીવનના ક્લેશ અને છુટાછેડાને લગતા કિસ્સાઓમાં સ્થાનિક મહાજનો દ્વારા નિવેડો લાવવો. તેમ શક્ય ન હોય તો સમસ્ત મહાજન દ્વારા નિમાયેલ લવાદ પંચ દ્વારા યોગ્ય નિવેડો લાવવાની યંત્રણા ઊભી કરવી. કે જેથી ફેમીલી કોર્ટમાં નિયમાનુસાર છુટાછેડા સમયસર કરાવી શકાય. ૪ જણના લવાદપંચની રચના કરવામાં આવી હતી.

● જ્ઞાતિમાં વૃદ્ધોને વૃદ્ધાશ્રમમાં દાખલ કરવાને બદલે તેમના માટે વિવિધ સ્કીમ યોજી તેમની વૈદકિય સગવડ, આવક, ઈન્સ્યુરન્સ જેવા કાર્યો કરવા એક સમિતિની રચના કરવામાં આવી હતી.

● સ્વરોજગાર (Self employed) જ્ઞાતિજનો માટે પોતાના વ્યાપારના વિકાસ માટે/નવું સાહસ શરૂ કરવા માટે કોઈપણ જાતના કેપીટલ ઈન્વેસ્ટમેન્ટ માટે રૂા.૫૦૦૦ થી રૂા.૧,૦૦,૦૦૦ સુધી લોન મળી શકે તે માટે Microfinanceની યંત્રણા કરવાનું ઠરાવાયું હતું. તે માટે ૧ કરોડનું ભંડોળ ભેગું કરવું, જ્ઞાતિજનો પાસેથી ડોનેશન/વ્યાજ વગરની એફ.ડી/ લોન લેવી કે બેંક સાથે ટાઈઅપ કરવાનુ વિચારાયું છે. જ્ઞાતિજનોએ પોતાના લોન/ડોનેશન નોંધાવ્યા હતા.

● સમસ્ત મહાજનની મેડીકલ અવેરનેશ કમિટી છેલ્લા છ માસથી કાર્ય કરે છે. સંમેલનમાં KDO ડોક્ટર્સ/પેરા મેડીકલ વર્કર્સની ડીરેક્ટરી સંમેલનમાં બહાર પાડી છે. ૬/૮ હોસ્પિટલ સાથે ટાઈઅપ કર્યું છે. મેટ્રોપોલીસ સાથે ટેસ્ટીંગ ૨૫% ડીસ્કાઉન્ટમાં કરાવાની સગવડના MOU કર્યા છે. હાલમાં સમાજમાં રહેણીકરણી/ખાનપાન/સ્ટ્રેસને કારણે માંદગી વધી છે. યોગા અને મેડીટેશનના વર્ગ શરૂ થશે. મોટી બિમારી કે ઓપરેશન આવે ત્યારે જ્ઞાતિજન ગભરાઈ જાય છે. ખર્ચમાં કેવી રીતે પહોંચાશે? તેની ભીતિ રોગ વધારે છે. સમસ્ત મહાજને સંમેલનની પ્રિમીયમ સ્કીમ રજૂ કરી છે. આપને ઓપરેશન કે લાંબી બિમારીમાં સહાયની જરૂર પડે, મેડીકલ ઈન્સ્યુરન્સ પુરતું ન હોય કે ન જ હોય ત્યારે આપ ફોટો અને જરૂરી લાગતા કાગળો મોકલશો તો ૨૪ કલાકમાં આપના મહાજને O.K. કરવાનું રહેશે તે બાદ જ્ઞાતિના સીનીયર ડોક્ટર્સની ટીમ ફાઈલ તપાસશે. જરૂર પડે હોસ્પિટલ સાથે ઉપચાર યા ખર્ચ બાબત પૂછા કરશે કે કન્સેસન મેળવવા પ્રયત્ન કરશે અને તેઓ ૨૪ કલાકમાં ફાઈલ પરત કરીને રજા આપશે ત્યારે આપતા ફોટા/નામ/વિગત સહિત વેબ ઉપર આપે માગેલ મદદમાં સહાય કરવા જ્ઞાતિજનોને અપીલ કરાશે. શ્રેષ્ઠીવર્યોને આ બાબત અવગત કરાયા છે. જ્ઞાતિજનોના વિગત પ્રમાણે વેબ પર પોતાની મદદ નોંધાવશે અને જરૂરી રકમ ભેગી થતાં તે પોર્ટલ બંધ થશે અને દર્દીની હોસ્પિટલના ખાતામા રકમ વેબ દ્વારા જમા કરાશે. આ સ્કીમમાં સારા દાન નોંધાઈ ગયા છે. આપ પણ નામ નોંધાવશો. આ લોકફાળાની (Crowd Funding) સ્કીમ ચલાવવા એડમીનીસ્ટ્રેટીવ ચાર્જ સમસ્ત મહાજન રાખશે.

**ચતુર્થ સંમેલનમાં કુલ ૭૦૦થી વધુ પ્રતિનિધિઓ સહભાગી થયા હતા**

● યુવાઓ/એન્ટરપ્રીનર્સને નવો ધંધો કરવા/ધંધો વધારવા મૂડીની જરૂર પડે તો Venture Catalyst ની સ્થાપના કરવાનું ઠરાવાયું છે. પ્રપોઝલ મળેથી વ્યવસાયિક કંપની Capital Venture ઊભું કરી આપશે. જ્ઞાતિના જાણીતા વેન્ચર ફંડ વ્યવસાયિક શ્રી રવિ રાયચંદ ધરમશી આ પ્રોજેક્ટ દ્વારા જ્ઞાતિસેવાના યજ્ઞમાં જોડાયા છે.

● સંમેલને જ્ઞાતિનું શ્રી કેડીઓ સમસ્ત મહાજન 'જીવદયા મધ્યસ્થ ફંડ' સ્થાપવાનું નક્કી કરેલ છે. દરેક જ્ઞાતિજનોને

# જ્ઞાતિમાં સુવર્ણ ઈતિહાસ રચાયો...



ધાર્મિક એવુ કૌટુંબિક સારા/નરસા પ્રસંગોએ દાન આપવા વિનંતી કરાઈ છે. દરેક મહાજનને આ બાબત યંત્રણા ઊભી કરી સહાય કરવા જણાવાયું છે. શ્રી પ્રવિણ લોડાયાની પ્રમુખપદેની આ સમિતિમાં જ્ઞાતિની પાંચેય પાંજરાપોળના ટ્રસ્ટીઓ સભ્ય રહેશે.

● સમસ્ત મહાજન જ્ઞાતિ માટે અવિરત કાર્ય કરી શકે અને સંસ્થાઓ/જ્ઞાતિજનોને આર્થિક રીતે સહાયરૂપ બની શકે તે માટેની આર્થિક યોજના-શાલીભદ્ર યોજના-અમલમાં મૂકવાની રહેશે. ટીપે ટીપે સરોવર ભરાય તેવી એકબીજાને મદદ કરવાની આ યોજના વિષે વિગતવાર આવતે મહિને જ્ઞાતિમૈયા/પ્ર.સમીક્ષામાં આપવામાં આવશે.

● જ્ઞાતિજનો પોતાનો ધંધો જ્ઞાતિજનોમાં વધારી શકે તે માટે b2b (portel) સમિતિની રચના કરવાનું સંમેલન ઠરાવે છે. કાર્યવાહી ચાલુ જ છે. બધાયના સંપર્ક થઈ રહ્યા છે.

● બદલાપુરમાં ૨૩૦/૩૨૫ સ્કે.ફુટના બ્લોક દાતાઓની સહાયથી ખરીદી જ્ઞાતિજનોને ૩ વર્ષ માટે એલોટ કરવા ફક્ત રૂ.૫૦૦/- ભાડું ભરવાનું છે. કાયદાકીય પેપર્સ જ્ઞાતિજને સહી કરી આપવા પડશે. દાતાઓ મળેથી સ્કીમ તૈયાર કરી બે વર્ષમાં પ્રોજેક્ટ પૂરું કરવાનું સંમેલન ઠરાવે છે. દાતા આવકાર્ય છે. એક ફ્લેટની કિંમત લગભગ ૧૧ લાખ છે. જે દાતાને નામે રહેશે. દાતા ૨૦ વર્ષ સુધી ફ્લેટ વહેંચી નહીં શકે. ૨૫ બ્લોકની બિલ્ડીંગ એવી બે બિલ્ડીંગની ઓફર છે. ૪ દાતાએ નામ નોંધાવ્યા છે.

● સ્વરોજ યોજના : જ્ઞાતિજનો ઘેરબેઠે આવકમાં વધારો કરી શકે તે માટે વ્યવસાયિક ધોરણે ઉત્પાદન કરેલ વસ્તુઓની વેચાણને જ્ઞાતિની કેડીઓ દશા બ્રાન્ડની કંપની સ્થાપી, ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરવા તેમજ ઉત્પાદન માટે યંત્રણા ઊભી કરવા સંમેલને ટ્રસ્ટબોર્ડને સંપૂર્ણ સત્તા આપેલ છે. આ યોજના નારી સંમેલનમાં રજૂ કરાઈ હતી. ૧.૫ લાખનું રોકાણ કરનાર જ્ઞાતિજનો કંપનીના શેરહોલ્ડર બન્યા છે. આ કંપનીમાં ૮૦ લાખનું રોકાણ જ્ઞાતિજનોએ કરેલ છે.

● દિવ્યાંગો માટે દવા/માવજત વગેરે માટે પેન્શન યોજના શરૂ કરવા માટે જરૂરી કાર્યવાહી કરવા સંમેલને ટ્રસ્ટ બોર્ડને રજા આપી છે. દર મહિને રૂ.૨૫૦૦/- લેખે ૩૦ દિવ્યાંગોને આપવાનું વિચારાયું છે. સમિતિ બનાવાઈ છે. આ યોજનામાં જ્ઞાતિના શ્રેષ્ઠીવર્ય(જોય ગ્રુપ) ૩ વર્ષ સુધી મદદ કરવા ૩૦ લાખની જાહેરાત કરેલ છે.

● જ્ઞાતિના સિનીયર ડૉક્ટરો બીજે દિવસે સંમેલનમાં પધાર્યા હતા. તેમણે ત્રણે ડોમમાં (વૈદકિય) મેડિકલ બાબતે માર્ગદર્શન આપ્યું હતું. શ્રીમતી ડૉ. અને ડૉ.હરિશ લાપસિયા(અંબરનાથ), શ્રી રાજેશ ધરમશી(સાંગલી), ડૉ.કુ.ઉષાબેન મૈશેરી(વલસાડ), ડૉ.કુ.ઈલાબેન મૈશેરી, શ્રી મણીકાંતભાઈ ધરમશી(ગાંધીધામ)નો આભાર માનીએ છીએ. ડૉ.મણીકાંત ધરમશીએ ચારે દિવસ સંમેલન સ્થળે મેડિકલ સેન્ટર સંભાળીને જ્ઞાતિજનોને સેવા આપી હતી. શ્રી છત્રપતિ દંડે એક્યુપ્રેશર પદ્ધતિથી જ્ઞાતિજનોને સેવા આપી હતી.

● જાણીતા એંકર ઉત્તમ છેડાએ ત્રણે દિવસ પોતાની આગવી છટાથી જ્ઞાતિજનોને જકડી રાખ્યા હતા. જ્ઞાતિનો જૂનો ઈતિહાસ યાદ કરીને સૌને પ્રેર્યા હતા. પ્રથમ દિવસે 'મહાજનનો મિલાપ' કાર્યક્રમમાં મહાજનોની સર્વોપરિતા, ઉપયોગિતા

# જ્ઞાતિમાં સુવર્ણ ઈતિહાસ રચાયો...



એવમ્ આપણા વ્યક્તિત્વને ઉભારવા આપણી આ સંસ્થાઓ સર્વ દિશિય કાર્ય કરે છે તેની આવતી પેઢીને શીખ આપી હતી. આ કાર્યક્રમથી સૌ હાજર જ્ઞાતિજનો ભાવુક થયા હતા અને કાર્યવાહીમાં પોઝિટીવ સપોર્ટ આપીને આયોજકોને ઉત્સાહિત કર્યા હતા.

ચતુર્થ સંમેલન સાથે પ્રથમ રાષ્ટ્રીય નારી શક્તિ સંમેલન પણ યોજાયું હતું. જેનું આયોજન સમસ્ત મહાજનની નારી શક્તિ સમિતિએ સંભાળેલ. નારીઓને લગતા વિષય પર ત્રણે દિવસ જુદા જુદા વિષયે વિવિધ વક્તાઓએ સંબોધન કરેલ. ભાવિકા હેફા(લાડ) એ ક્રિએટીંગ યોર સેલ્ફ, દિવ્યા મોમાયાએ 'હાવ ટુ સેટઅપ અ બિઝનેસ' અરિહંત બેંક દ્વારા નવા ધંધા માટે બહેનો માટે સ્પેશિયલ સ્કીમ બાબત, એડ.મિનલબેન ખોના દ્વારા નારીના કાયદાકીય હક્ક અને વિલ શું કામ અને કેવી રીતે બનાવવું બાબત માહિતી અપાઈ. મેડિકલ ટીમે વિવિધ વિષયે જાણકારી આપી.

## પ્રથમ રાષ્ટ્રીય નારી શક્તિ સંમેલનમાં ૩૦૦થી વધુ ડેલીગેટ સહભાગી થયા હતા

વિક્રમશીએ ડિઝીટલ અવેરનેસ, મીનલબેન દંડ અને પલ્લવી ધરમશી, જયશ્રીબેન દંડ વગેરે વિવિધ વિષયે જાણકારી આપી. લતાબેન મોમાયા, ભારતીબેન દંડ, કાશ્મીરાબેન લુઠિયા, મીતાબેન મોતા વગેરે સૌએ નારીઓના સામાજિક ઉત્તર દાયિત્વ અને ઉત્થાન માટે વર્કશોપ રાખી સમજાવ્યું. સ્વરોજ યોજનાનું નારી શક્તિ-૨૦૧૮માં રજૂઆત કરી, ચતુર્થ સંમેલનમાં જાહેરાત કરાઈ હતી. રોજ ડ્રેસકોડ પ્રમાણે શોભતી બહેનોએ પ્રથમ રાષ્ટ્રીય સંમેલન માણ્યો હતો અને વિચારવિમર્શ કરતાં સહુ નજદિક આવ્યાં હતાં અને ભવિષ્યમાં આ સમિતિનું કાર્ય આગળ વધારવાનું ઠરાવ્યું હતું.

પ્રથમ યુવા ફેસ્ટ-૨૦૧૮માં ત્રણે દિવસ યુવાઓ પોતાને યોગ્ય કાર્યક્રમ ગોઠવીને માણ્યો હતો. મેનેજમેન્ટ ગેમ્સ, મોટીવેશનલ સેમિનાર, સ્ટેન્ડઅપ કોમેડી, બીટ બોક્સીંગ, સ્ટ્રીટ મેજીક એન્ડ મીમીક્રી, સ્ટ્રેસ મેનેજમેન્ટ એન્ડ ગોલ સેટીંગ વગેરે અનેક વિષયે ખાસ સ્પીકરોને મુંબઈથી બોલાવીને યુવાઓને યોગ્ય જાણકારી/ટ્રેનિંગ મળે તેવી વ્યવસ્થા કરાઈ હતી. વેન્ચર કેપીટલનો પ્રોજેક્ટ યુવામાં રજૂ થયો હતો અને ચતુર્થ સંમેલનમાં વિગતો અપાઈ હતી. દુબઈથી ખાસ પધારેલ આપણા યુવાન મનિષ જૈને યુવાઓને માર્ગદર્શન આપ્યું હતું. બીજે દિવસે રાતના સંગીતને સથવારે રાસ-ગરબાનો કાર્યક્રમ યોજાયો હતો. ઉત્તમ છેડાએ રમત રમાડી હતી, ગીતો કપલને ગવડાવ્યા હતા. સૌ મોડી રાત સુધી મોકળા મેદાનમાં ઝૂમ્યા હતા. જુદી જુદી કેટેગરીમાં ઈનામો પણ યુવા ટીમની ચયન સમિતિ દ્વારા અપાયા હતા.

## પ્રથમ રાષ્ટ્રીય યુવા ફેસ્ટમાં ૩૦૦થી વધુ ડેલીગેટ સહભાગી થયા હતા

ત્રીજે દિવસે સવારના નલિયા ગામના બજાર ચોકથી શોભાયાત્રાનો પ્રારંભ થયો હતો. સજીધજીને બાજુના ગામોમાંથી પધારેલા જ્ઞાતિજનો નલિયાના વિવિધ કોમના ગામવાસીઓ અને સંમેલનમાં પધારેલા જ્ઞાતિજનો સાથે ઢોલવાજાં, ઘોડા,

# જ્ઞાતિમાં સુવર્ણ ઈતિહાસ રચાયો...

નાચતા ઘોડા, સુંદર શણગારેલી બગીઓ સાથે રવાના થયેલ શોભાયાત્રા સંમેલન મંડપે ૧૧ વાગ્યે પહોંચી હતી. મંચસ્થ સંમેલન પ્રમુખ મુલચંદ મોતાએ સૌને આવકાર્યા હતા. સેક્રેટરી જનરલે પ્રાસંગિક માહિતી આપી હતી. તે બાદ જે જ્ઞાતિજનોએ સમાજમાં/વ્યવસાયમાં કે પોતાના શોખની દુનિયામાં જ્ઞાતિને ગૌરવાન્વિત કરેલ છે એવા જ્ઞાતિજનોનું બહુમાન કરવામાં આવ્યું હતું.

'કદઓ જ્ઞાતિરત્ન' ઈલકાબ ● શ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવાર ● શ્રી હિતેશ માણેકજી મોતા ● શ્રી રાજેન્દ્ર મણીલાલ ખોના ● શ્રી લક્ષ્મીચંદ ધારશી મોતાને આપવામાં આવેલ છે.

'ક.દ.ઓ. જ્ઞાતિભૂષણ' ઈલકાબ : સર્વશ્રી કિરીટ લક્ષ્મીચંદ લાપસિયા, પદમશી લધુભાઈ સોની, જયંત ભવાનજી સોની, તિલકચંદ કે. વિકમશી, રમેશ નારાણજી દંડ, કમલેશ શિવજી વિકમશી, શ્રીમતી દમયંતીબેન સી. શાહ, નયન અશોક ભેદા, જયેશ ભાગચંદ જૈન, છત્રપતિ નરશી દંડ, તેજપાર ધારશી નાગડા 'તેજ', પદમશી લખમશી લાલકા, ભુપેન્દ્ર મુરજી દંડ, કાંતાબાઈ મુરજી રાઘવજી લોડાયાને અપાયા હતા. જ્ઞાતિના આ અગ્રગણ્ય સમાજસેવકોને સૌએ કરતલ ધ્વનીથી વધાવ્યા હતા.

'ક.દ.ઓ. જ્ઞાતિ ગૌરવ' ઈલકાબ : સર્વશ્રી દિલીપ કુસુમકાંત નાગડા, રતિલાલ કેશવજી શિયાલ(રાયપુર), કુલીનકાંત પદમશી પીર, મુકેશ વીરચંદ મૈશેરી (એવરેસ્ટ પર સફળ આરોહણ), નટવરલાલ રાઘવજી નાગડા(વડોદરા), સંજય નવીન ધરમશી(પુના), કાંતિલાલ ગાંગજી વોરા, રમેશ મુલજી લોડાયા (ઈતિહાસકાર), જયંતભાઈ લધુભાઈ લોડાયા, કુ.પન્નાબેન નિતિન મોમાયા (આઈપીએસ), કિશોર શામજી કુરુવા, વસંત કરમશી વિકમશી, કાશ્મીરાબેન વિરેન્દ્ર લુઠિયા, ડૉ.ઈલાબેન વેરશી મૈશેરી, પ્રબોધ હિરાચંદ મુનવર, ઠાકરશી મેઘજી ગોસર, હરિશ નરશી ધરમશી(મુલુંડ), ભાવેશ વિરેન્દ્ર લોડાયા(વડોદરા), હેમાંગ મણિકાંત મોમાયા (હૈદરાબાદ), કુ.ખ્યાતિ વિજય વોરા (જામનગર) માનસિક દિવ્યાંગ, કુ.સાચી સમીર ધરમશી(સિલ્વાસા) દિવ્યાંગ, અનિલ દામજી વિકસશી (ખામગામ), મેજર ડૉ.હાર્દિક ગીરીશ મૈશેરી, મેજર વિરલ સુભાષ મોમાયા, વિણાબેન નાગડા, રમીલાબેન હિંમતલાલ લોડાયા(કલવા), ઠાકરશી પી. પનપરીયા(વડોદરા), પ્રિયાંક જયંતિલાલ નાગડા(દિવ્યાંગ) અને કુ.સોની - આઈએએસ(અમદાવાદ)ને આપવામાં આવેલ છે.

કુલ પચાસેક જણને જ્ઞાતિના બહુમાનો અપાયા ત્યારે આખો મંડપ તાળીઓથી ગાજતો રહ્યો. જ્ઞાતિએ ૨૮ વર્ષ બાદ સૌની સેવાઓને બિરદાવ્યા તેનો હર્ષ ઈલકાબ મેળવનાર એવમ્ હાજર સૌના મુખારવિંદ પર ઝળકી રહ્યો હતો.

ભોજન વિરામ બાદ ચતુર્થ સંમેલનનું ઓપન સેશન ચાલુ થયું હતું. સંમેલન પ્રમુખશ્રીએ સૌ જ્ઞાતિજનોને આવકાર્યા હતા અને જ્ઞાતિને સંમેલનમાં થયેલ કાર્યવાહી બાબત અવગત કરાયા હતા. સૌ જ્ઞાતિજનોએ સંમેલન સફળ રહ્યાંની અનુભૂતિ માણી હતી તે બાદ સમસ્ત મહાજન તરફથી યજમાન મહાજન નલિયા મહાજનનો સત્કાર કરાયો હતો. સમસ્ત મહાજન તરફથી ટ્રસ્ટીઓને યાદગીરી/ભેટ અપાઈ હતી અને સંમેલનના કાર્યમાં યોગદાન આપનાર સૌનું અભિવાદન કરાયું હતું.

નલીયા મહાજન દ્વારા પણ સમસ્ત મહાજનના ત્રણ મેનેજીંગ ટ્રસ્ટીઓ અને સેક્રેટરી જનરલનું અભિવાદન કરેલ તેમજ પોતાને આ આયોજનમાં સહાયરૂપ થનાર સૌ લાભાર્થીઓનું સન્માન કરેલ.

અંતિમ પળોએ સંમેલન પ્રમુખ, સેક્રેટરી જનરલ આ સુખદ પળોને માણતા ભાવુક થઈ ગયા હતા.

સૌનો આભાર માનીને અને મિચ્છામિ દુક્કડમ્ સાથે બે કર જોડી સૌ પદાધિકારીઓએ જ્ઞાતિની રજા લીધી હતી અને સૌ વિખરાયા હતા.



# ચતુર્થ જ્ઞાતિ સંમેલનમાં સાથ સહયોગ અને પ્રત્યક્ષ હાજરી આપી સમસ્ત મહાજનના ટ્રસ્ટી શ્રી ઉત્તમભાઈ ખોનાની અણધારી વિદાય



નલિયા મધે હાલમાં સંપન્ન થયેલ ચતુર્થ જ્ઞાતિ સંમેલનમાં પોતાની હાજરીથી સાથ સહયોગ અને ઉત્તમ સલાહ દ્વારા ઉપયોગી થનારા સમસ્ત મહાજનના ટ્રસ્ટી મૂળ કોઠારા કચ્છ હાલે સાંગલીના ઉત્તમભાઈ કલ્યાણજી જેઠાભાઈ ખોના ઉ.વ. ૬૯ ચતુર્થ સંમેલનમાં હાજરી આપી તા. ૨૭ ડિસેમ્બર ગુરૂવારનાં પરત આવેલ અને આકસ્મિક અવસાન પામ્યા. એમની વિદાયના સમાચાર સાંભળી સૌ શોકાતુર થઈ ગયા.

શ્રી ઉત્તમભાઈ વિચાર-વાણી અને વર્તન દ્વારા વાત્સલ્ય પૂર્ણ રીતે સદભાવ પ્રસારી અનેક જનોના દિલમાં સ્નેહભર્યુ સ્થાન મેળવ્યું હતું. તેઓશ્રી પોતાના સંપર્કમાં આવનારા પ્રત્યેક પરિવાર, સમાજ. વ્યક્તિ કે ગામવાસીઓના સુખ, દુ:ખ કે જરૂરિઆતના કાર્યોમાં સાથો સાથ ઉભા રહેતા હતા. માત્ર જૈન સમાજ નહીં પણ નાતજાતમાં ભેદભાવ જોયા વગર તેઓ ધાર્મિક, જીવદયા કે સેવાના સત્કાર્યોમાં સહયોગ આપવા તત્પર રહેતા હતા.

તેઓ શ્રી કચ્છી વિશા ઓસવાલ મહારાષ્ટ્ર એકમના પ્રમુખ, શ્રી કચ્છી દશા ઓસવાલ મહારાષ્ટ્ર એકમના ઉપાધ્યક્ષ, શ્રી સાંગલી કચ્છી જૈન સેવા સમાજના, ભૂતપૂર્વ અધ્યક્ષ, શ્રી કોઠારા કચ્છ મહાજન, શ્રી કોઠારા પાંજરાપોળ અને શાંતિનાથ જૈન મંદિર વગેરે સંસ્થાના સંચાલન મંડળમાં વર્ષો સુધી પ્રમુખપદે રહ્યાં. જ્ઞાતિ સમાજનાં સહાયક દાતા. જૈન ધર્મના સમર્પિત કર્મયોગી, દીન દુ:ખિયાના બેલી બની તેઓ આજીવન માનવતાની મહેક પ્રસરાવી હતી.

તેઓ માત્ર પોતાના માટે નહિ જ્ઞાતિ અને સમાજ માટે ઉત્તમ રીતે જીવ્યા અને ઉત્તમસેવા કાર્ય કર્યા ને પોતાનું તેમજ પરિવારનું નામ ઉજ્જ્વળ કર્યુ.

તેમના જવાથી પરિવારને જ નહીં પણ સમસ્ત જ્ઞાતિને તેમની કાયમી ખોટ પડી છે. જે કદી ભરી શકાશે નહીં. પ્રભુ તેમના આત્માને ચીર શાંતિ અર્પે એજ પ્રાર્થના


## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of '**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**' (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# સાંગલી નગરે સ્વ.ઉત્તમભાઈ કલ્યાણજી ખોના દ્વારા સમાજલક્ષી ઉત્તમ કાર્ય



**સાંગલી નગરે કચ્છ સમાજ મેડિકલ વિભાગમાં ચેરીટેબલ ડેન્ટલ ક્લિનીક સ્વ.ઉત્તમભાઈ કલ્યાણજી ખોના દ્વારા સ્થાપિત કરાયેલું છે**








**જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો**

| પ્રકાર | સાઈઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 155 x 225 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધું પાનું | 155 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# શ્રદ્ધાંજલિ



ગામ :
કોઠારા - કચ્છ

નિવાસ :
સાંગલી - મહારાષ્ટ્ર

## ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (ઉ.૭૧.૬૯)

આપના અચાનક વિયોગથી વ્રજઘાત વ્યાપી ગયો
કુટુંબ, ગામ અને સમાજ પર કાળનો ક્રુર પંજો પડી ગયો
પગ નીચેથી પથ્થર ખસી ગયો
આપની અણધારી વિદાયથી ચીર સોપો પડી ગયો
ખોના કુટુંબનાં નભનો એક ઝળહળતો તારો અચાનક ખરી પડયો

પૂ.વડીલશ્રીનાં સત્કાર્યોની સુવાસ એમની સમગ્ર જીવનશૈલી,
સ્નેહસ્મૃતિઓથી આંખો અને હૃદયની ઉર્મિઓ સદાય ભીંજવતી રહેશે

**-: પુત્રવધૂ-પુત્ર :-**

સૌ. જસ્મીન દેવાંગ ખોના • સૌ. ભાવિકા કૌશલ ખોના • સૌ. કાર્તિકા નીતલ ખોના

**-: પૌત્રા-પૌત્રી :-**

હિમાંશુ, મુદિતા, યુવાન અને જીવાન ખોના

**-: ભાભી-ભાઈ :-**

શ્રીમતી જયાબેન શાંતિલાલ ખોના • લીલાબેન નવીનભાઈ ખોના
વિજયાબેન મધુકરભાઈ ખોના • દિપકભાઈ કલ્યાણજી ખોના • નવલબેન માણેકજીભાઈ ખોના

**-: બહેન-બનેવી :-**

ઈન્દુબેન ગોવિંદજી ધરમશી • કાશ્મીરાબેન વિરેન્દ્ર લુઢીયા
દમયંતીબેન હરિશભાઈ મોતા • જયાબેન અરૂણભાઈ મોતા

**-: સાળા-સાળાવેલી :-**

સૌ.ઉર્વતી નિતીન લોડાયા • સૌ.મોહિતા વિજય લોડાયા

**- ભત્રીજાવહુ-ભત્રીજા :-**

સોનલ વીરેન ખોના • ચૈતાલી વરૂણ ખોના • શિવાની રોહન ખોના
ધ્વનિ મધુકર ખોના • મમતા વિજય ખોના • સ્મિતા શરદ ખોના

**-: ભત્રીજી-ભત્રીજીવર :-**

મીના સુભાષ મોમાયા • લતા જયંત દંડ • તૃપ્તિ રાહુલ લોડાયા

**શ્રી જૈન ઉત્કર્ષ મહિલા મંડળ સાંગલી તરફથી શ્રદ્ધા સુમન**

# તિરૂપરનગરે રક્તદાન શિબિરનું આયોજન કરાયું





તા. ૦૭-૧૨-૨૦૧૮ પ્રાચી એક્ષ્પોર્ટ્સ, HDFE બેક અને મુયાર્ચી મક્કલ અમ્મૈયું દ્વારા રક્તદાનનું કેમ્પનું આયોજન કરવામાં આવેલ. પ્રાચી એક્ષ્પોર્ટ્સની ફેખટરીમાં રાખેલ. કેમ્પનું ઉદ્‌ઘાટન હાર્દિક છેડા - COO ના હાથે કરવામાં આવેલ તે પોતે સૌ પ્રથમ રક્તદાન કરેલ. મુયાર્ચી મક્કલ અમ્મૈયુના પ્રમુખ ચિદમ્બરમ સ્વાગત કરેલ, પ્રાચી એક્ષ્પોર્ટ્સના સ્ટાફ અને કર્મચારીઓ બધા ડૉક્ટર મજલાદેવી અને ટીમ, ગરીબ દર્દીઓ માટે બ્લડ ભેગુ કરી બધા મહેમાનોને સાલ ઓઢાડીને બહુમાન પ્રાચી એક્ષ્પોર્ટ્સ તરફથી કરવામાં આવેલ આ કેમ્પનું મુખ્ય આયોજન સતીષ હંસરાજ નાગડા - જખઝએ કરેલ બધા માટે બપોરના જનવાની વ્યવસ્થા કરવામાં આવી હતી. બધા ડોનર્સને સર્ટીફીકેટ દ્વારા સન્માન કરવામાં આવેલ. આભાર દર્શન સતીષ હંસરાજ નાગડાએ કરેલ










# કુંભોજગીરી તીર્થમાં સંઘપતિઓની સંઘમાળા તથા સન્માન કાર્યક્રમ સંપન્ન કર્યો





કુંભોજગીરી તીર્થમાં પ.પુ. ધર્મપ્રભસાગરજી મ.સા.ની નિશ્રામાં ૯૯ યાત્રાના સંઘમાળનો કાર્યક્રમ તથા તેમના બહુમાનની તસ્વીરી ઝલક.



# કુંભોજગીરી તીર્થમાં સંઘપતિઓની સંઘમાળ...







કુંભોજગીરી ૯૯ યાત્રાની પુર્ણાહૂતીની આરે તીર્થના મૂળનાયક જગવલ્લભની પાર્શ્વનાથની પ્રતિમા ને અભિષેક તથા આ આયોજનની તૈયારી એને પ્રસંગની યાદોનું આલેખન કરતા યાત્રિકો, કાર્યકરો, સંઘપતિઓ.. આ આયોજન તેમની જિંદગીનું એક સુવર્ણ અવસર બની રહેશે.



# તામિલનાડુના પૂરગ્રસ્તોના રાહત કાર્યમાં જ્ઞાતિજનો સામેલ



તાજેતરમાં તામિલનાડુના પુડુકોટાઈ વિસ્તારમાં આવેલા ભારે પૂરના લીધે અનેક સ્થાનિક રહેવાસીઓ બેઘર બન્યા હતા. આ પૂરગ્રસ્તોને મદદરૂપ થવાના ઉદ્દેશ સાથે મુયાર્ચી મક્કલ અચાઈપુ મક્કલ સંસ્થાએ રાહતકાર્ય હાથ ધર્યું હતું. ક.દ.ઓ. સમાજના સતીષ નાગડા સહિત સંસ્થાના કાર્યકરોએ આ વિસ્તારના ગામડાઓમાં ઘરોઘર જઈને જીવન જરૂરિયાતની વસ્તુઓ જેવી કે ચોખા, દાળ, કપડાં, દૂધનો પાવડર, તાડપત્રી, બેડ શીટ્સ, બિસ્કીટ, પાણીની બોટલો ધરાવતી કિટનું વિતરણ કર્યું હતું. ૨૫૦ જેટલા આ રાહતકાર્યના લાભાર્થી રહ્યાં હતા.





ज्ञातिनी એક માત્ર પ્રવૃત્ત યુવા સંસ્થા

# શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થી સંઘ - મુંબઇ

આયોજિત

## ૬૫મું વાર્ષીક ઉત્સવ - કચ્છી મેળો

*હલ રે વણજારા તોકે કચ્છડો વતાંઈયા...*

| તારીખ | સમય | સ્થળ |
| --- | --- | --- |
| રવિવાર<br>3 ફેબ્રુઆરી, ૨૦૧૯ | સવારે ૧૦.૦૦ કલાકે થી<br>રાત્રે ૧૦.૦૦ કલાકે સુધી | નિકટના ભવિષ્યમાં<br>જાહેર કરીશું |



**Inviting Trader from all over India**

Rs. 1500/-* Single Stall

Rs. 3000/-* Food Stall

**For Stall Booking Contact :**

ઉર્વેશ છેડા : 8369022472

એકતા લોડાયા : 9769502277

છેલ્લી તારીખ ગુરૂવાર, ૧૦ જાન્યુઆરી, ૨૦૧૯
વહેલા તે પહેલાના ધોરણે

## સોવિનિયર વિમોચન

A4 Size Souvenir

E - Souvenir



To Book Your

**ADVERTISEMENT**



Kindly Contact :

ઇશિતા છેડા : 8652047715

મીત મૈશેરી : 9967380347

## શૈક્ષણિક પુરસ્કાર વિતરણ

જ્ઞાતિના વિદ્યાર્થીઓએ જેને પણ
March 2018 ની SSC / HSC /
Graduation / Post Graduation /
Extra Curricular Activities માં
સારા અંકે ઉત્તીર્ણ થયા હોય તે પોતાની Marksheet
નીચે આપેલ Email / Contact Number
પર મોકલવા વિનંતી.

Email : prinsdharamshi@gmail.com

પ્રીન્સ ધરમશી : 8779533019

ઉર્વી લોડાયા : 9757422880

દરેક Standard wise Top 2 જણા ને જ
સન્માન કરવામાં આવશે

**Last Date : Thursday, 10.01.2019 (first cum first basis)**

ઉપરના Advertise માં શ્રી સંઘને ફેરફાર કરવાનો પુર્ણ અધિકાર રહેશે.

| President | Vice President | Secretary | Treasurer |
| --- | --- | --- | --- |
| Shri. Hemil Jayesh Dand | Shri. Urmin Jayesh Lodaya (Shah) | Ku. Ekta Udayan Lodaya | Shri. Rushabh Gulab Poladia |
| Ghatkopar (Varadia) | Ghatkopar (Suthri) | Mulund (Moti Sindhodi) | Bhandup (Dumra) |

Follow Us on Social Media | / shreekdovs

# ડોંબિવલી મંડળે સફળતાપૂર્વક શરૂ કર્યું 'સ્વાભિમાન લગ્ન'





શ્રી ક.દ.ઓ. મંડળ - ડોંબિવલી દ્વારા ૪૨માં સ્નેહમિલનમાં સ્વાભિમાન લગ્નની વિશેષ જાહેરાત કરવામાં આવી હતી. જ્ઞાતિજનોના પૈસાની બચત થાય અને સ્વખર્ચે સ્વાભિમાન લગ્નના દરેક પ્રસંગોને તનાવમુક્ત સમયસર તેમજ સારી પેઠે પાર પાડી શકાય એ હેતુ એટલે 'સ્વાભિમાન લગ્ન'...

સ્વાભિમાન લગ્નની શુભ શરૂઆત શનિવાર, તા. ૦૮.૧૨.૨૦૧૮ના સવારે ૮ થી બપોરે ૨ સુધી પ્રથમ લગ્ન ચિ. હિમાંશુ મુકેશ નાગડા (નલીયા - નાસિક) અને ચિ. માસુમી હરીશ સાયલા (મંજલ રેલડીયા - ડોંબિવલી) તેમજ બપોરના ૪ થી રાતના ૧૦ સુધી બીજા લગ્ન ચિ. કેવલ દીપક મોતા (રાપર ગઢવારી - ડોંબિવલી) અને ચિ. પૂર્વી અશોક લોડાયા (વારાપધ્ધર - ડોંબિવલી)ના સ્વાભિમાન લગ્ન સાજન-મહાજન ને આમંત્રિત મહેમાનોની હાજરીમાં યોજાયા હતા. સ્વાભિમાન લગ્નની નોંધણી વખતે વર પક્ષ અને કન્યા પક્ષને આપણાં જ જ્ઞાતિજનોની જાહેરાત વાળી એક - એક ડિસ્કાઉન્ટ કૂપન બુકલેટ ભેટ આપવામાં આવેલ. આનો ઉદ્દેશ આપણા જ્ઞાતિના ભાઇ-બહેનોના લગ્ન બાબતે જે કાંઇ પણ ખર્ચ થાય તે વ્યાજબી ભાવે કરકસર યુક્ત મળી રહે, તેમજ જ્ઞાતિના જ ભાઇઓને કામકાજ મળી રહે તો જ્ઞાતિજનોનો પૈસો જ્ઞાતિજનમાં જ જળવાઇ રહે જેનાથી આર્થિક વિકાસ પણ વધતો રહે.

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજનના ઉપપ્રમુખ શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (વરાડીયા - માટુંગા), શ્રી અનંતનાથજી મહારાજ દેરાસરજી ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રી કમલેશ મુલચંદ સોની (જખૌ - ડોંબિવલી), મુંબઇ મહાજનના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી નયન અશોક ભેદા (વારાપધ્ધર - મુલુંડ), શ્રી હેમંત રમેશ ધુલ્લા (તેરા), શ્રી ભૂપેન્દ્ર લક્ષ્મીચંદ ડાઘા (ગોએરસમા), શ્રી મહેન્દ્ર મેઘજી મોતા (વારાપધ્ધર) અને મંડળની વ્યવસ્થાપક સમિતિના સભ્યો તેમજ સ્વાભિમાન સમિતિની બહેનોએ નવકાર મંત્ર પઠન બાદ રીબીન કાપીને સ્વાભિમાન લગ્નનું શુભારંભ કર્યું હતું. શ્રી મહેન્દ્ર મોતા એ પધારેલા સર્વેને આવકાર આપીને સ્વાભિમાન લગ્ન વિશે તેમજ મંડળની વિશેષ માહિતી બન્ને લગ્નમાં પધારેલા શ્રી રાયચંદ જીવાણી, શ્રી નિતીન સાયલા, શ્રી વિનય ધરમશી, શ્રી કેતુલ પોલડીયા, શ્રી પારસ મૈશેરી, ફ્રાન્સથી પધારેલા ડેલીગેટસ તેમજ બન્ને લગ્નમાં પધારેલા આમંત્રિત મહેમાનોની ઉપસ્થિતીમાં આપી હતી અને દરેકે પરિવારો, મિત્રો અને સગાસંબંધીઓએ પોતાની દીકરી કે દીકરાના લગ્ન સ્વાભિમાન લગ્ન યોજના માં જ જરૂરથી કરાવજો તેમજ પરિવારજનો ને મિત્રમંડળીને એની જાણ જરૂરથી કરજો એમ ભારપૂર્વક જણાવ્યું હતું.

શ્રી હેમંત ધુલ્લાએ સ્વાભિમાન લગ્ન વિશે પોતાના વિચારો મહેમાનો સમક્ષ રજૂ કર્યા હતા અને હજી પણ આ યોજનામાં સુધારા - વધારા કરી જ્ઞાતિજનોને વધુમાં વધુ સુગમતા મળે એવી રજુઆત કરી હતી. શ્રી હીરાલાલ ડાઘાએ પોતાના વક્તવ્યમાં આ યોજનાની સરાહના કરી હતી. શ્રી કમલેશ સોનીએ મંડળના દરેકે - દરેક કાર્ય સારા જ હોય છે અને અમારો હરહંમેશ સાથ સહકાર રહેશે. શ્રી નયન ભેદાએ મંડળ ખૂબજ સુંદર કાર્યો કરે છે તેમજ મંડળની યશકલગીમાં એક નવું પીંછુ સ્વાભિમાન લગ્ન યોજનામાં ઉમેરાયું તેમ જણાવ્યું હતું. કચ્છ યુવક સંઘના શ્રી દિનેશ શેઠીયાએ મંડળને શુભેચ્છાઓ આપી હતી. સ્વાભિમાન લગ્નમાં દેશ - વિદેશથી કોઇપણ જ્ઞાતિજન લાભ લઇ શકે છે. દીકરો આપણી જ્ઞાતિનો જ હોવો જોઇએ. સ્વાભિમાન લગ્ન અલગ - અલગ ૪ (ચાર) યોજના હેઠળ ઉપલબ્ધ છે. વધુ માહિતી માટે મંડળમાં સપંર્ક કરવા નમ્ર વિનંતી. સ્વાભિમાન લગ્નમાં મંડળની વ્યવસ્થાપક સમિતિના સભ્યો ને લગ્ન સમિતિની બહેનોએ ખૂબજ સુંદર સમયસર સેવા આપી હતી.

વિશેષ આભાર સ્વાભિમાન લગ્ન યોજના ને સુચારૂ રીતે તેમજ સારી વ્યવસ્થાને પાર પાડવા માટે સ્વાભિમાન લગ્ન સમિતિની બહેનોનો ખૂબજ સહકાર હતો. જેમાં તેમણે સવારે ૭ થી રાત્રે ૧૧ દરમ્યાન એકેક વસ્તુની સગવડતા સુલભ કરી આપી હતી. સ્વાભિમાન લગ્ન યોજનાની સફળતાનો શ્રેય સ્વાભિમાન સમિતિને જાય છે. સમિતિની બહેનોના નામો આવતાં અંકમાં પ્રસિદ્ધ થશે. જેથી તેમની વિશેષ અનુમોદના કરી શકીએ. એના પરિણામે સ્વાભિમાન લગ્ન યોજના માટે વ્યવસ્થાપક સમિતિના સભ્યોને પ્રશંસાના પુષ્પો મળ્યા હતા.

# શ્રી સખીવૃંદ મહિલા મંડળ (SVMM) પુણે

"Demonstration & Workshop Decopage" આ હતો વિષય રૂપાબેન ગોવિંદજી નાગડાની મીટીંગ. તેઓએ તેમની પૂત્રી ફાલગૂની પરેશ ખોનાને તથા તેમની સખી નમ્રતા ખોના ને કોચીન થી ખાસ આ મીટીંગ Conduct કરવા આમંત્રિત કર્યા. બન્ને એ ખૂબજ સરસ રીતે પ્રત્યક્ષ રીતે બતાવીને એક એક Step સમજાવીને Decopage નૂં પ્રત્યક્ષીકરણ કર્યું. Workshop માટે સૌ સખીઓને લાકડાનુ Tea Coaster Stand સાથે આપવામાં આવ્યું, તથા તેને માટે લાગતી સામગ્રી પણ આપવામાં આવી જેમકે બ્રશ, Acrylic Colour, Fevicol, Sponge, Sand Paper, Varnish તથા Tissue Paper. સૌ સખીઓને Tea Coaster પર ઉચભજ્ઞાફલય કેમ કરવું તે બતાવીને એક એક ને જે મુસ્કેલી હોય તેમાં મદદ કરીને સફળતાપૂર્વક કાર્યશાળા પૂર્ણ કરી. ફાલગૂની બેને વીસ્તાર પૂર્વક Decopage નૂં ઇતીહાસ તથા તેનું ઉદ્ભવ સ્થાન, તેનો અલગ અલગ પ્રકાર વગેરેની માહીતી આપી. Decopage દરવાજા પર, પ્લેટ પર, બોક્ષ પર, ઘડીયાળ પર, કપડા પર આમ અનેક વસ્તૂઓ પર કરીને તેને નવુંજ રૂપ આપી શકાય. Decopage ઇસ્ત્રી વાપરીને પાકા કરી શકાય.

મીટીંગની શરૂઆત માંજ લક્કી ડ્રો કરીને વીજેતાઓને Decopage કરેલી વસ્તૂઓ ભેટ આપી તથા સૌને ઘરે બનાવેલ કાજૂ કુકીજ સુંદર રીતે પેક કરીને ભેટ આપ્યા. આમ પૂરી થઇ રૂપાબેનની Creative તથા Informative મીટીંગ.

# શ્રી મંજલ નગરે શિલાન્યાસ વિધિ સંપન્ન

૦૯-૧૦-૨૦૧૮ના રોજ શ્રી મંજલ નગરે તપચક્ર ચક્રવર્તી અચલગચ્છાધિપતી પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ની આજ્ઞાથી જ્યોતિષાચાર્ય પૂ.આ.ભ. શ્રી વીરભદ્રસાગરસૂશ્વરજી મ.સા. તથા મંજલ રેલડીયા રત્નન પૂ. પ્રિયંકરસાગરજી મ.સા.ની શુભ નિશ્રા અને આશિર્વાદથી સફળતાપૂર્વક ગ્રામજનો તથા પધારેલ આમંત્રિત મહેમાનોની હાજરીમાં સંપન્ન થયું. આ પ્રસંગે રાયધણજર, ડુમરા, દેઢિયા ગામોથી શ્રી સંઘના શ્રેષ્ઠીજનો પધારેલ હતા, તેમજ મોટી સિંઘોડીથી સંઘના ચેરમેન શ્રી મુકેશ ભવાનજી લોડાયા, મેનેજીંગ ટ્રસ્ટી શ્રી તિલક પ્રેમજી લોડાયા, ટ્રસ્ટી શ્રી દિનેશભાઇ રતનશી મૈશેરી તથા શ્રી વિરેનભાઇ વગેરેઓએ પધારી શોભામાં અભિવૃદ્ધિ કરી હતી.


Chandresh Somchand Lodaya
(+91) 98671 70789 • 98671 70794



MA OM PARIVAHAN PVT. LTD.
WORK IS WORSHIP
Tel. : 022-21636403 / 05 Fax : 022-21636394
Email : somchand@maom.net
Web : www.maomparivahan.com
❖❖❖ WAREHOUSE ❖❖❖
Mumbra-Panvel Road, Dahisar (Mori), Dist. Thane
M. : 9867170790 / 781

LA.LAA.PO.
VIPUL ESTATE AGENCY
MAHA RERA Reg : A51800011694



Dealing in :
All kinds of
• Residential
• Commercial
• Properties
• Shops
(Sale, Purchase, Rent, Pre-Lease)
• Mulund • Bhandup • Thane
& All Over Mumbai
Email : vipularmada@gmail,com
Vipul L. Poladia
9833060660
9869167172
8369170575
Laxmichand L. Poladia
(LIC AGent)
09930008339
07567207479

# શ્રી સુવિધિનાથજી જ્ઞાતિમૈયા જીનાલય તિરૂપરની ૩૨મી વર્ષ ગાંઠ અવસરે ધ્વજા મહોત્સવ યોજાયો

તિરૂપૂર નમો શ્રી સુવિધિનાથ જીનાલયની ૩૨ મી વર્ષગાંઠ નિમિત્તે ધ્વજા મહોત્સવનું કાર્યક્રમ મોન એકાદસીના દિવસે તા.૧૯-૧૨-૨૦૧૮ બુધવારના રાખવમાં આવેલ સવારના ૯.૩૦ વાગે સતરભેદી પૂજા ભણાવેલ સવારના ૧૧.૩૦ વાગે ધ્વજા ચડાવામાં આવેલ.

ધ્વજા ચડાવવાને લાભ શ્રી મહેન્દ્રભાઈ કલ્યાણજી પરિવાર લીધેલ. બહોળી સંખ્યામાં ભાઈઓ તથા બહેનોએ ભાગ લીધેલ. શ્રી સંઘ તરફથી લાડુની પ્રભાવના કરેવામાં આવેલ. નોટે શ્રી સંખેશ્વર પાર્શાનાથ દેરાસરમાં ચાતુર્માસ પૂર્ણ કરીને શ્રી સધવીજી થાણા ૬ મેતુપલાયમ તરફ તા. ૧૪-૧૨-૨૦૧૮ ની રોજ વિહાર કરેલ છે. એમ સતિષભાઈએ અખબારી યાદીમાં જણાવેલ હતું.

# અનંત સિદ્ધિ બિલ્ડીંગ ભાંડુપમાં જાગ્યો નવો વિવાદ

તાજેતરમાં તા.૧૬ ડિસેમ્બર રવિવાર રોજે એલબીએસ માર્ગ ભાંડુપની જ્ઞાતિની અનંત સિદ્ધિ બિલ્ડીંગમાં તળમજલે એક ફ્લેટમાં મુંબઈ મહાજન હસ્તકના નરશી નાથા મેડિકલ ટ્રસ્ટ દ્વારા પેથોલોજી લેબોરેટરી શરૂ કરવાના હતા. સદર લેબોરેટરીના લીધે બિલ્ડીંગ પરિસરમાં ઈતર જ્ઞાતિ ધર્મના લોકોની અવરજવર વધી જાય જે અત્રેના રહેવાસીજનો માટે અસુવિધા સર્જાય. આને લીધે ભાડુતોને અસલામતી અને અસુરક્ષાની ભાવના રહે છે. આ લક્ષમાં લઈ ભાડૂતોએ આનો વાંધો ઉઠાવતા સમગ્ર મામલો પોલીસ સ્ટેશન સુધી પહોંચ્યો હતો. ટ્રસ્ટીઓ પોતાની બાજુ સ્પષ્ટ કરી પોઝિટીવ કારણો આગળ ધરી રહ્યા છે ત્યારે ભાડુતો આ બાબતે ટસના મસ થતા નથી. આમ આ મામલે બન્ને પક્ષ અડગ હોવાથી વિવાદ જલ્દી સુલઝશે એવા આસાર મળતા નથી.


## જ્ઞાતિમૈયાના જૂના અંકો જોવા-વાંચવા માટે જુઓ
## www.kdosamastamahajan.org



આમાં છેલ્લામાં છેલ્લો અંક ઉપરાંત
અગાઉના બધા અંક જોવા-વાંચવા મળશે
પીડીએફ નકલ ડાઉનલોડ કરી
પ્રિન્ટ હાથ વગી કરી શકશો

# સ્વબળે સિદ્ધિ પ્રાપ્ત કરનાર બોલીવુડ મહેંદી ક્વીન વીણા નાગડાને અભિનંદન

**મસ્જીદબંદર થી અમેરીકાની સફળ સિધ્ધિને હાસિલ કરનાર Bollywood Mehendi Queen Veena Nagda. જેમની ઓળખાણ જગપ્રસિધ્ધ છે. ગામ મોટી સિંઘોડી, જેતબાઈ ખીમજી મોમાયાનાં દિકરી, હાલે ગ્રાન્ટરોડ S.S.C (Gujarati Medium) એમણે આજે પોતાની કળાને International પર લઈ ગયા.**



K.D.O સમસ્ત મહાજનનાં Only One Lady Trustee, Mumbai મહાજનનાં પ્રતિનિધિ સભ્ય, Masjidbander સંઘના સભ્ય, વીણાબેન સમાજનાં કામ માટે હંમેશા આગળ હોય છે. જેમ કે, શાંતી જૈન જાગૃતિ ગ્રુપ સમુહ લગ્ન, મુંબઈ મહાજન સમુહ લગ્ન, ઘાટકોપર દીક્ષા મહોત્સવ, દેરાસરમાં પ્રતિષ્ઠા આ રીતે વીણાબેન સમાજમાં મહેંદીની સેવા આપે છે. આજ સુધી ૫૦૦૦૦ થી વધુ કન્યાઓને એમણે મહેંદી શીખાડી પોતાના પગ પર ઉભી કરી અને આજે એ કન્યાઓને પોતાનુ આણૂ/દહેજ અને છોકરાઓ ને ભણાવી લીધુ એક મેહંદી ની પ્રવૃતિ માંથી આટલુ આગળ વધ્યા. એજ રીતે વીણાબેન એ પોતાનાં ૨ છોકરાઓને Top Study આપી અને એમાંથી નિતેશ Los Angel California માં 3D Light Animation કરી આજે Hollywood Production માં કામ કરે છે અને બીજો દીકરો ભાવિન San Fancico Articture (Masters in advanced architeture design) માં માસ્ટર કર્યુ અને મુંબઈમાં મિનિસ્ટર દેવેદ્ર ફડણવીસ એ New Robot Design ને Launch કર્યુ. આ રીતે બન્ને દિકરાએ એમનું નામ રોશન કર્યુ.

આજે Tata, Birla, Mittal, Ambani, Diomand King, Business કીંગ હોય કે Politician હોય એવી મહાન વ્યક્તિઓને પણ મેહંદી માટે વીણા નાગડા જ બેસ્ટ લાગે છે. અને ત્યાં વીણાબેન જ નામ જોઈએ. વીણાબેન એ ઘણી સિધ્ધિયો હાંસલ કરી છે. જેમ કે Shabash India Award, Kutch Shakti Award, Mid Day આવા અનેક Award હાસીલ કર્યા છે. તેઓ Dharma Production માં છેલ્લા ૨૦ વર્ષથી જોડાયેલા છે. Bollywood Mehendi Queen નામ કરણ જોહર એ એમને આપ્યું છે. આજે Bollywood, Tellywood, Hollywood હોય કે પછી Movie હોય લોકો પોતાની Reallife ની મેહંદી માટે વીણા નાગડા નામ જ પસંદ કરે છે. હાલમાં ચર્ચિત Big India Wedding માં તેમણે મેહંદી નો રંગ લગાડયો જેમ કે Sonam Kapoor, Isha Ambani, Deepika & Ranveer અને Kapil Sharma ની ત્યાં જઈ મહેંદી અને પોતાનું નામ રોશન કર્યુ.

૪૦ વર્ષના પોતાના Career માં આજે એમણે પોતાની મહેનત થી આગળ આવ્યા. આજે કોઈ કચ્છી હોય જેમ કે લોહાણા, ભાટીયા, વિશા-ઓસવાલ મુસલમાન એ લોકોની જ્ઞાતિને પણ Proud થાય છે કે ૧ કચ્છી મહિલા આટલું મોટુ નામ એક નાનકડી પ્રવૃત્તિ મહેંદી થી પોતાનુ નામ રોશન કર્યુ, કચ્છી શબ્દ એટલે કચ્છનું ગૌરવ કહેવાય વીણા નાગડા.

વીણા નાગડા ની ઇચ્છા છે, સમાજમાં બધી નારીઓનું નામ વીણાબેન ની જેમ International Level પર ઉચ્ચસિધ્ધિ પ્રાપ્ત કરે. આજે આપણે ગૌરવ અનુભવીએ કે, વીણા નાગડા મહેંદી Artist બોલાય ત્યારે K.D.O વીણા નાગડા નામ આવે એવું એમનું સ્વપન છે. એમણે પોતાની અંતિમ ઈચ્છા એવી વ્યક્ત કરી છે કે, જ્યારે મારા અંતિમશરણ હોય ત્યારે મારા પર કંકુ તો છાંટો પણ મહેંદી છાટયાં વગર મને અંતિમ વિદાય નહીં આપતા.

# અનંત આરોગ્ય નિધિ-નાસિક-દેવલાલી મધે અત્યાધુનિક ૧૬ રૂમો તેમજ ૧૮૦૦ ફૂટના વિવિધલક્ષી હોલનું લોકાપર્ણ

તા.૯-૧૨-૨૦૧૮ રવિવારના નાસિક દેવલાલી મધે સવારના અત્યંત આલ્હદાયક અને ખુશનુમા વાતાવરણ વચ્ચે શ્રી વિમલનાથ દાદાની છત્રછાયામાં તેમજ પ.પૂ.સા. શ્રી જયદર્શિતાજી મ.સા. અને પ.પૂ.સા.શ્રી હિમાંશુશ્રીજી મ.સા.ની પાવન નિશ્રા અને તેમના મુખે શ્રી માંગલિક સાંભળી સૌ પ્રથમ શુભ મુહુર્તે તા. ૧૮-૧-૨૦૧૯ થી તા. ૨૪-૧-૨૦૧૯ દરમ્યાન આયોજેલ પ્રતિષ્ઠાની કુમકુમ પત્રિકાના કેસર છાંટણાથી શરૂઆત કરવામાં આવી. સંઘમાતા શ્રીમતી ભારતીબેન પારસ મૈશેરી, રાપરગઢવારી સહપરિવાર વતી - શ્રી ભગવાન, શ્રી આચાર્ય ભગવંત તથા અન્ય ગુરૂભગવંતો, સાધુ-સાધ્વીને અને નવલ સદ્-ગુણા ધ્યાનાલય દાતા પરિવારની બહુમાનપૂર્વક પત્રિકા લખવામાં આવી. ત્યારબાદ ટ્રસ્ટના ચેરમેન શ્રી પારસ પદમશી મૈશેરી પધારેલ આમંત્રિત મહેમાનો જે ફક્ત નાસિક-દેવલાલી-મુંબઈ નહીં પણ દેશ-દેશાવરથી પધારેલા સૌ હાર્દિક સ્વાગત કર્યું. ફક્ત ૧૬ મહિનામાં સાકાર પામેલ અત્યાધિક ૧૪ સ્ટુડિઓ રૂમ અને ૨ ઉપાશ્રય રૂમ તથા વિશાળ ૧૮૦૦ ફૂટનું વિવિધલક્ષી નયનરમ્ય હૉલ. અમારી ટહેલને માન આપી, સર્વે દાતાઓએ મૂકેલ વિશ્વાસને સાર્થક કરી બહુ જ થોડા સમયમાં એક નવલ નજરાણું જ્ઞાતિને સમર્પિત કરવામાં આવેલ છે.

શ્રી અનંત આરોગ્ય નિધિ ના ટ્રસ્ટીઓ પારસ મૈશેરી, રાજીવ લુઠિયા, તિલેશ મૈશેરી, દમયંતિબેન લોડાયા, કલ્પનાબેન ધરમશી, વસંતભાઈ વિકમશી, મધુકાંતભાઈ ખોના,તરૂણભાઈ ધરમશી, અશોકભાઈ મોતા અત્યંત ઉત્સાહ અને આનંદથી સર્વે દાતાઓનું હૃદયથી આભાર વ્યક્ત કરી અત્યંત આકર્ષક મોમેન્ટો, શાલ, માળા, તિલક કરી લગભગ ૪૦૦ જણની હાજરી વચ્ચે તેમના કુટુંબીજનો સહિત તાળીઓના ગડગડાટથી બહુમાન કરેલ.

ફક્ત ૧૬ મહિના જેવા જૂજ સમયમાં, આટલા મોટા ભગીરથ કાર્યને, જો શક્ય બનાવ્યું હોય તો એના હક્કદાર તિલેશભાઈ મૈશેરી, કેતનભાઈ લોડાયા અને પીયૂષભાઈ ડાઘા છે. જેમણે અથાગ મહેનત કરી પોતાની ઉત્કૃષ્ટ સુઝબુઝથી આ 'સી' અને 'ડી' વિંગને આપ સમક્ષ લોકાર્પણ કરેલ છે. એમની અનન્ય સેવાઓને ટ્રસ્ટે સહુ સમક્ષ રજૂઆત કરી બિરદાવેલ છે.

હિરેન નાગડા(PMC) અને આપણી સંસ્થાના મેનેજર જિતેન્દ્ર મોતાએ પણ ઉત્કૃષ્ઠ સેવા આપેલ છે.

હેમાંગ રાયચંદ ધરમશી-એક ઉત્કૃષ્ઠ અને નિસ્વાર્થ જિંદાદિલ વ્યક્તિત્વ ધરાવતું નામ જેમના પિતા રાયચંદ હંસરાજ ધરમશી (સુથરી)એ પણ સંસ્થામાં પ્રાણ પૂરેલા અને એજ ભાવનાથી તેમના સંતાનોએ પણ સંસ્થાના દરેક કાર્યમાં ખભેખભા મિલાવી પ્રોત્સાહિત કરેલ છે. ટ્રસ્ટ તેમનું સદાય ઋણી રહેશે.

કલ્પનાબેન ધરમશીએ પોતાના વાક્તાતુર્યથી પૂરેપૂરા કાર્યક્રમનું ઉત્કૃષ્ઠ સંચાલન કરેલ. રાજીવ જયચંદ લુઠિયાએ સંસ્થાનો સવિસ્તર ઉલ્લેખ કરી, આભાર વિધિ પ્રગટ કરી હતી.

સંગીતના સથવારે, દરેક દાતા પરિવારને સન્માનપૂર્વક આમંત્રિને, તેમને આપેલ યોગદાનને એમના જ પરિવારજનોની હાજરીમાં એમના સુર્વણ કરકમલોથી 'ડી' વિંગની ૧૬ રૂમો તેમજ ફર્નિચર, ફ્લોર, વિંગ અને પ્રવેશદ્વાર તેમજ 'સી' વિંગ, પ્રવેશદ્વાર તથા વિવિધલક્ષી હૉલને ક.દ.ઓ. સમાજ માટે લોકાપર્ણ કર્યુ.

વિમલનાથ દાદાની પ્રતિષ્ઠાના સપ્તાન્હિકા મહોત્સવમાં (તા.૧૮-૧-૨૦૧૯ થી તા. ૨૪-૧-૨૦૧૯) સર્વે જ્ઞાતિજનોને પધારવા ભાવભર્યુ આમંત્રણ છે.

# દંડ પરિવાર દ્વારા સચ્ચામાતાના શાસ્ત્રીપાઠનું આયોજન

મંજલ રેલડિયાના દંડ પરિવારોના સચ્ચામાના શાસ્ત્રીપાઠનું આયોજન શનિવાર તા. ૨૭ એપ્રિલથી સોમવાર તા. ૨૯ એપ્રિલ ૨૦૧૯ સુધી મંજલ રેલડિયા મુકામે રાખેલ છે. રહેવાની તેમજ ભોજન વ્યવસ્થા રખાશે. તો સદર આયોજનમાં આવવા ઈચ્છુક દંડ પરિવારના સભ્યોએ નારાણજી લખમશી દંડ(બચુભા)નો મો.નં. ૯૭૨૭૫૩૫૪૭૫ અથવા અનિલ ચત્રભુજ દંડ મો.નં. ૭૯૭૭૦૦૧૩૦૦ પર સંપર્ક સાધવો.

# શ્રી ક.દ.ઓ. જી.વી.સી. જૈન સંઘ ઘાટકોપર આયોજિત સાંજી તથા સ્વામી વાત્સલ્યનું આયોજન

શ્રી ક.દ.ઓ. જી.વી.સી. જૈન સંઘ દ્વારા શ્રી સમેતશિખર યાત્રા તા.૨૦-૧૨-૨૦૧૮ના આયોજન કરેલ હતું. આ યાત્રામાં જોડાયેલ યાત્રિકોની સાંજી માટેનું કાર્યક્રમ સંઘ દ્વારા રવિવાર, તા.૬-૧-૨૦૧૯ સવારના ૯.૦૦ કલાકે ઝવેરબેન પોપટલાલ સભાગૃહમાં શ્રી સુરેશ સોનીના સંગાથે આયોજન કરવામાં આવ્યું છે સાથે શ્રી સંઘનું સ્વામી વાત્સલ્ય (સંઘ જમણ) સવારના ૧૧.૩૦ કલાકે થી બપોરે ૧.૩૦ કલાક સુધી ધનજી દેવશી રાષ્ટ્રીય શાળા મધ્યે રાખવામાં આવેલ છે.

આ કાર્યક્રમ સાથે દાંડિયા રાસની રમઝટ શ્રી ક.દ.ઓ. જી.વી.સી. જૈન સંઘ દ્વારા રવિવાર, તા.૦૬-૦૧-૨૦૧૯ના સાંજે ૫.૦૦ કલાકે દાંડિયા રાસ સહિત વિવિધ પરંપરાગત રમતનું આયોજન કરેલ છે. વિવિધ હરિફાઈ, રસભર વાનગીઓના સ્ટોલ રાખેલ છે. કચ્છી ઢબના દાંડીયારાસ રમવા ટ્રેડિશનલ ડ્રેસ પહેરીને સજોડે સાજન-મહાજનની અને કુટુંબ સહિત પધારવા ભાવભર્યું આમંત્રણ છે.




**જ્ઞાતિમૈયા માં**

**આપની કોઈપણ મેટર અથવા જાહેરાત મોકલો**

Email Id : gyatimaiya2018@gmail.com
Email Id : mahajansamast@gmail.com
Website : www.kdosamastamahajan.org

**અથવા વોટ્સએપ પર મોકલો**

**9769991922**
**9820302853**
**9322257731**

# શ્રી પદ્મમુક્તિ વાત્સલ્ય નિધી ટ્રસ્ટ (ચાલીસગામ)

પૂ. શ્રી જય લક્ષ્મીશ્રીજી મ.સા.ના પ્રેરણાથી આપણા ટ્રસ્ટની સ્થાપના થયેલ તેમજ પૂ. શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. ના આશિર્વાદ તેમજ માર્ગદર્શનથી ટ્રસ્ટના કાર્યો પુરી સફળતા પૂર્વક ચાલે છે. પાચોરામાં જેમ દર શનિવારે જરૂરતમંદોને ભોજન કરાવવાનું કાર્ય ચાલુ છે. તેવીજ રીતે પાચોરામાં મહિનાના ચોથા બુધવારે જરૂરતમંદો માટે ડૉ. પાસે મફત તપાસણી, બીમાર વ્યક્તિનો ઉપચાર, સલાહ, લોહી તપાસવાનું અને પેશન્ટને યોગ્ય માર્ગદર્શન તેમજ દવાઓ આપવામાં આવે છે.

સેવાના કાર્યો માટે આપ જ્ઞાતિજનો સાથ અને સહયોગ આપણા ટ્રસ્ટને આપશો એવી વિનંતી. સંપર્ક માટે લક્ષ્મીબેન ચંદ્રકાંત લોડાયા - ૭૫૮૮૬૪૬૦૨૫.

# શ્રી ક.દ.ઓ. મહિલા મંચ, ખામગામ-શેગાવ

શ્રીમતી પ્રવીણા દંડના અધ્યક્ષ પદે ૧૪-૧૧-૨૦૧૮ના રોજ ગ્રુપના ૪ સભ્યો દ્વારા મીટીંગનું આયોજન 'દીવાની મીલન' થી થયેલ જેમાં ડ્રેસકોડ 'ચીલ્ડ્રન્સ ડે સ્પેશીયલ'' રાખેલ એમાં ૭ સભ્યો બાળક બની તૈયાર થઇને આવેલ કાર્યક્રમનું સંચાલન નેહા લોડાયા એ કરેલ શરૂઆતમાં દીવડાની લકી ગેમ રમોડલ જેમાં વિજેતા પ્રથમ સૌ. રશ્મી દંડ અને દ્વિતીય સૌ. હર્ષા નાગડા રહેલ ''રૂકના મના હૈ'' વાક્ય બનાવવાની ગેમ સીમા લોડાયાએ રમાડી જેમાં પ્રથમ સૌ હર્ષા નાગડા અને બીજા નંબર પર સૌ વર્ષા લોડાયા રહેલ.

ત્યારબાદ ''પીનટ કોકોનટ બોલ્સ'' બનાવવાનો ડેમો સીમા લોડાયા એ આપેલ અને સૌનું મોઢું મીઠું કરાવ્યું. નેહા લોડાયા એ કરાવકે મ્યુઝીક સીસ્ટમ ઉપર ગીતો ગવડાવ્યા. ચીલ્ડ્રન્સ ડે નીમીતે બધા સભ્યોએ લોલીપોપ, આઇસક્રીમનો અને ગીતો ગાવાનો આનંદ માણ્યો. વીજેતાઓને ઇનામ સૌ. નીર્મલા શીઆડ ના હસ્તે દેવામાં આવ્યા છેલ્લે આભાર પ્રદર્શન સૌ. લીલા નાગડાએ કરેલ.




# ખંડવા નગરે ગુરૂપુજન

અચલગચ્છ સમુદાયના પૂ. શાસન પ્રભાવિકા સા.પુણ્યોદયાશ્રીજી મ.સા.ની શિષ્યા પૂ. સંયમગુણાશ્રીજી મ.સા. આદીઠાણા ૪ ના ખંડવા નગરે ૧૫-૧૨-૨૦૧૮નો પ્રવેશ થયો. માગસર સુદ ૧૧ના દિવસે મ.સા.ના સંયમ જીવનના ૪૦ વર્ષ પૂર્ણ થયા. ચેતનાબેન પીતામ્બર ખોના તરફથી ગુરૂપૂજન કરવા આવ્યું. ૩ દિવસ સ્થિરતા કરી ખિરકિયા માટે વિહાર કરેલ. સાહેબજી ખિરકિયાથી પાછા વિહાર કરીને ''પોષ દશમ''ની આરાધના માટે પધારશે.

# કચ્છમાં જમીન ધરાવનારા જોગ...

આપણા સમાજના લોકોની અબડાસા તાલુકાના વિવિધ સ્થળે ઘણી જમીનો છે. કચ્છમાં ભાગ્યે જ જવાનું થતું હોવાથી ઘણા સભ્યો જમીન ધરાવે છે એ બાબતથી અજાણ હોવાનું પણ બને છે. આવી જમીનો ખોટા પાવર ઓફ એટર્ની બનાવી - બનાવટી દસ્તાવેજો તૈયાર કરી સરકારી અધિકારીઓ સાથે મીલીભગતના આધારે હડપ કરવાના અને જમીનના સોદા કરી નાંખવાના કાવતરા સામે આવી રહ્યા છે. આવા કાવતરા ઘડનારામાં શિક્ષિત લોકો પણ સામેલ છે. હયાત વ્યક્તિને મૃત જાહેર કરી, તેમના બોગસ વારસદાર ઊભા કરી પાવર ઓફ એટર્નીના આધારે જમીન વેંચી નાંખવાનું કૌભાંડ ફાલી રહ્યું છે ત્યારે કચ્છમાં જમીન ધરાવતા આપણા સમાજના સભ્યોએ જાગૃતિ દાખવી તેમની જમીનના માલિકી હક્કની ખરાઇ કરાવવાની તાતી જરૂર છે. જેથી અન્યાયના ભોગ બનવાથી અને કોર્ટ કચેરીથી બચાવ થાય અને આર્થિક અને માનસિક આપદાથી બચાવ થાય.

– ચંદ્રકાંત દામજી શાહ, અમદાવાદ

કચ્છ -ગુજરાતમાં આપની જમીનના રેકોર્ડસ જાણવા માટે વેબસાઇટ anyror.gujarat.in






# સગપણ સેતુ



શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન-જ્ઞાતિમૈયાના માધ્યમથી જ્ઞાતિના લગ્નોત્સુક યુવક-યુવતીઓને યોગ્ય પાત્ર મળે એ માટે શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈની સગપણ સેતુ સમિતિના સહકાર સહયોગથી સગપણ સેતુ નામથી વિભાગ શરૂ કરેલ છે.

આસુવિધાનોલાભલેવાજ્ઞાતિજનોપોતાનોસંપૂર્ણબાયોડેટા-ફોટાસાથે કન્વીનર મનીષા લાલકા(૯૮૨૦૫૪૫૭૩૪), જલ્પા લોડાયા(૯૮૬૭૬૧૫૯૧૩), જસ્મીન સાયલા, જસ્મીન ધુલ્લા. કલ્પેશ લોડાયા, હિતેશ નાગડા, રિતેશ ખોના, પ્રજ્ઞેશ નાગડા, વર્ષા લોડાયાનો સંપર્ક કરવો.

**Karan Shah**



A strong ambivert personality that cares for others and ready to help others. I currently reside in Melbourne, Australia and work in Real Estate industry. Considerably, a strong independent person who respects others and loves to spend time with friends and also family. Honestly, a hardworking champ who like to explore and try new things and wish to settle in Australia.

**Personal Details :**
Name: Karan Javerchand Shah
DOB: 20 th April 1991
Time: 15:03 hours
Birth Place: Mulund, Mumbai.
Height: 168 cms Weight: 69 kgs.
Complexion: Wheatish
Religion: Jain Caste: Kutchhi Dasha Oswal
Native: Kothara (Kutch)
Hobbies: Driving, Movies, Music, Dancing, Adventure activities, Travelling.
Qualification: Masters in Accounting & Financial Management : La Trobe University, Bundoora, Melbourne, Australia. T. Y. B. Com (Majors in Accounting) – K. J. Somaiya College of Arts & Commerce, Mumbai.
Profession : Sales Executive – Stockdale & Leggo Real Estate

**Family Details :**
Father's Name : Javerchand Nenshi Shah
Mother's Name : Anita Javerchand Shah
Paternal : Late Nenshi Manekji Dharamshi (Grandfather), Late Devkaben Nenshi Dharamshi (Grandmother), Pratap Nenshi Shah (Uncle), Harsha Pratap Shah (Aunty), Ramila Nilesh Mota (Aunty).
Maternal: Anandji Champsi Mota (Grandfather), Jayaben Anandji Mota (Grandmother),
Praful Anandji Mota (Uncle), Mita Sameer Lodaya (Aunty).

**Contact Details**
Address: F/2 Mitradham Soc., Sarvodaya Nagar, Mulund (W), Mumbai-80.
Contact no.: Residence: +91-22-25903123 Self : +61 450 458 033
Father: +91-9320078033 / Mother: +91-9820766283
ABOUT ME : Caring, Thoughtful, Hardworking, Enthusiastic, Energetic, Compassionate, Future-Oriented, Optimistic, Imaginative, Individualistic, Practical, Unpredictable, Charming

**Gyatimaiya KDO Mahajan Code No. G-16**

Name: JUHI PIYUSH MOMAYA



Date of Birth : 12th NOV 1991
Time : 12.37 PM
Birth Place : Mulund, Mumbai
Height : 5'7'7
Weight : 68 Kg
Village : Varadiya
Cast : KDO
Marital Status : Single
Shani/Mangal : No
Mother : Shefali Piyush Momaya - House wife
Brother : Vishal Piyush Momaya - Service
Sister in law's Maiden Name : Bhavini Vinod Lodaya
Paternal Grandfather : Gulabchand Pasveer Momaya
Maternal Grandfather : Bhupendra Punshi Maisheri
Permanent Address : 108/36/C, Malbar Hill Road, Mulund Colony, Mulund West, Mumbai - 400 082.
Educational Qualification : B.Com (Somaiya College), IATA – 1st level and travel related course Currently Working: Vibrant Holiday Destinations, Powai. Designing Tour Packages for Europe, Africa, America and Canada
Hobbies : Watching Movies, Listening Music, Exploring new Restaurants, Travelling
Dad's Business : Coconut Broker in APMC Vashi
E-Mail : juhi.momaya91@gmail.com
Father's Mobile : +91 9920960656
Mother's Mobile : +91 9820221916
Self Mobile : +91 8879556953

**Gyatimaiya KDO Mahajan Code No. B-13**

નોંધ : જે પાત્રો સગપણ સંબંધે જોડાય તેઓ અમને જાણ કરે જેથી અમે અમારા રેકોર્ડમાં સુધારો કરી શકીએ.

# જ્ઞાતિ સંમેલનમાં મહિલા અને યુવાશક્તિનું અદ્ભૂત દર્શન થયું

૨૩-૨૪-૨૫ ડિસેમ્બર ૨૦૧૮ ક.દ.ઓ.જ્ઞાતિ માટે એક સુવર્ણ ઇતિહાસ રચાઈ ગયો. ૨૭-૨૭ વર્ષના લાંબા ગાળા બાદ જ્યારે સમસ્ત ળફવફષફક્ષ નો ચતુર્થ સંમેલન યોજાયો ત્યારે પ્રથમ વખત નારી શક્તિ માટે એક અલગ જગ્યા ફાળવવામાં આવી અને સાથે યુવા શક્તિ માટે પણ અને બંને ટીમ ને પૂર્ણ સ્વતંત્રતા આપવામાં આવી.

ટ્રસ્ટી વીણાબેન નાગડા સાથે મીનલ બેન ખોના, દિવ્યા મોમાયા, ચાંદની લાલકા અને બાકી ટીમ વગેરે ની મહેનત દેખાઈ આવતી હતી.

ઇન્દ્રધનુષના રંગોની જેમ બે દિવસ ના ભરચક કાર્યક્રમ માં વિવિધતા ખૂબ અનેરી હતી. ભાવિકા લાડનું Creating your self, દિવ્ય મોમાયા નું How to set up a business, Arihant Bank ni special Scheme for Women Enterprenureship, એડવોકેટ મીનલબેન ખોના દ્વારા નારીના કાયદાકીય હક અને વિલ કેમ અને શું કામ બનાવવું એ વિષે સવિસ્તાર જાણકારી આપી. Dr. Panel દ્વારા વિવિધ રોગની જાણકારી તેમજ તેનું ઈલાજ ખૂબ સુંદર રીતે સમજણ આપવામાં આવી તો મનીષાબેને મેડિકલ ઈન્સુરન્સ ની જાણકારી આપી અને જયશ્રીબેન દંડે અવયવ દાન ની સમજણ સૌને આપી. સ્વયં સિધ્ધા ગીતીકાબેનનું અનુભવ, મીનળબેન દંડ, પલ્લવીબેનની હળવી વર્ક શોપ, લતાબેન મોમાયા, ભારતીબેન દંડ, કાશ્મીરાબેન લુઠીયા તથા મીતાબેન ધ્વારા સંબંધોની સાંકળ વિષે બોલવામાં આવેલ.

અંતમાં ગ્રુપ ફોટો પણ પાડવામાં આવેલ. આ બે દિવસની નારી શક્તિની શક્તિ ખૂબ સુંદર રીતે ખીલવવામાં આવી અને આ સંપૂર્ણ કાર્યક્રમ ખૂબ સફળ રહ્યું.

– મનીષ વ્હી. ધરમશી (સાંધવ-યવતમાલ)




# પ્લોટ માટે કચ્છમાં સુવર્ણ તક








સાંધવ મધ્યે **"શ્રી શાન્તીનાથ નગર"** ભાચુન્ડા રોડ, દેરાસરજી તેમજ ગામથી ૫ મિનીટના અંતરે ૬૭ પ્લોટોનું સુંદર આયોજન કરેલ છે. જેમાંથી હમણા સુધી ૨૨ પ્લોટોનું રજીસ્ટ્રેશન કરાવી, સાથે લાલ બૂક આપીને કબજો આપેલ છે.

જે ગામવાસીઓએ તેમજ કે.ડી.ઓ. ભાઇઓએ લીધેલ પ્લોટની પ્લેટ ભરીને તૈયાર છે, લાઇટની વ્યવસ્થા થઇ ગયેલ છે. હાલમાં પ્લોટની ચારે બાજુએ બાઉન્ડરીનું કામકાજ ચાલુ છે. ત્રણ બાજુની બાઉન્ડરી થયેલ છે. પાણીના બોરનું કામ ચાલુ છે. હવે પછી ગેટ અને રોડનું કામકાજ ચાલુ થવાનું છે.

હાલમાં ૨૦૦ વાર થી ૪૦૦ વાર સુધીના પ્લોટો છે (૬૦x૩૦ = ૧૮૦૦ ફૂટ - ૨૦૦ વાર) (૬૦x૬૦ = ૩૬૦૦ ફૂટ - ૪૦૦ વાર) ઓછામાં ઓછા ૧૬૦ થી ૧૮૦ વારના જૂજ પ્લોટો છે. આ સોનેરી મોકો હાથમાંથી ન જાય અને જેમને પણ માદરે વતન શ્રી શાન્તીનાથ દાદાની શીતલ છાયામાં પોતાનું સ્વપ્ન સાકર કરવાની અનેરી તક ઝડપવાની ઇચ્છા હોય અને આપણા વતનમાંજ આપણો મજાનો બંગલો બનાવવો હોય તેઓએ સંપર્ક કરવા વિનંતી.

બહુજ સુંદર જગ્યા, નદી કીનારે, ચારે બાજુ ખુલાશ, રોડ ટચ, ઘર સુધી વાહન આરામથી આવે. તો આપ સૌને ગામવાસીઓ - નીયાણી બહેનો - તેમજ સમગ્ર કચ્છી દશા ઓશવાલ ભાઇઓએ ખાસ સંપર્ક કરવા વિનંતી.

વિશેષતા : **ફક્તને ફક્ત જૈનો માટે જ...**



સંપર્ક : **દીનેશ રામજી લોડાયા**

ફોન : 9820327977 / 9320327977 / 9723327977




● ભચાઉ મુસ્લિમ સમાજ દ્વારા મહમદ પયગંબરના જન્મદિને ૨૦૦ મણ ઘાસ ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજાની દેખરેખ હેઠળ ચાલતી ગૌ શાળામાં આપી પશુ પ્રેમ તથા કોમી એકતાનું ઉદાહરણ પૂરૂ પાડયું.

● રવિભાણ સંપ્રદાય દરિયા સ્થાન મંદિરના આયોજન હેઠળ પંચકુંડી મહાયજ્ઞ રાપર ખાતે યોજાયો. જેમાં સવાલાખ ગાયત્રી મંત્રની આહુતિ અપાઈ હતી. દરિયા સ્થાન મંદિરના સંત ત્રિકાલદાસજી મહારાજે આ યજ્ઞનું મહત્વ સમજાવી તેનાથી થતા ફાયદાઓ જણાવ્યા હતા. ઋગવેદ અર્થવેદની ઋચાઓનું પઠન કર્યુ હતું.

● લક્કી રાજ ગ્રુપ ભુજ દ્વારા નિઃસ્વાર્થ ભાવે શહેરમાં રક્તદાનની ઉમદા સેવા ચાલી રહી છે. નાતજાતના ભેદ ભાવ વિના ભુજની કોઈપણ હૉસ્પિટલમાં રક્ત પહોંચાડવાની ૨૪ કલાક સેવા ગ્રુપ દ્વારા કાર્ય રત છે. ૧૩૮ રક્તદાતાનું લીસ્ટ બનાવાયું છે અને જરૂરિયાત મંદના એક ફોનથી તરત રક્ત દાતા સ્થળ પર પહોંચી જાય છે.

● ભુજની શિવનગર શાળામાં પોતાના વાલીઓના વ્યસન છોડાવનારા વિદ્યાર્થીઓ સન્માનાયા. અત્યાર સુધી શાળાના ૬૦ વિદ્યાર્થીઓએ પોતાના વાલીઓને વ્યસન મુક્ત કર્યા છે અને હજુ શિક્ષકો અને વિદ્યાથીઓ આ માટે પ્રયત્નશીલ છે. વ્યસન છોડનાર વાલીઓ શાળાના શિક્ષકો અને પોતાના સંતાનોને અભિનંદન આપી વ્યસનોથી ઘરમાં થતા કંકાસની વાતો કહી હતી.

● ભુજ લોહાણા બોર્ડીંગ સંચાલિત અંગ્રેજી માધ્યમના ધોરણ ૧૧ અને ધોરણ ૧૨ ના વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે બાયોલોજી અને કેમેસ્ટ્રી માટેના નિઃશુલ્ક વર્ગો શરૂ કરવામાં આવ્યા છે. ૧૩૫ જેટલા વિદ્યાર્થી ઓ આ ક્લાસનો લાભ લે છે.

● કચ્છમાં ઊંટડીના દૂધનું સરહદ ડેરી દ્વારા કલેક્શન સેન્ટર શરૂ કરાયા બાદ હવે ભુજ ભચાઉ હાઈવે ઉપર વડવારા ગામની સીમમાં રાજસ્થાનના બિકાનેર ખાતે હેડકવાર્ટર ધરાવતી સંસ્થા નેશનલ રિસર્ચ સેન્ટર એન્ડ કેમલ દ્વારા ઊંટ અંગેનું રિસર્ચ સેન્ટર શરૂ કરશે. સરહદ ડેરીના ચેરમેન વલમજીભાઈ હુંબળના પ્રયત્નોથી શરૂ થનાર ઊંટ રિસર્ચ સેન્ટરમાં કચ્છના ઊંટ ઉછેરકોને ઊંટ સંબંધી તમામ તાલીમ, માહિતી, ઊંટનું માર્કેટિંગ, તેની બિમારીઓની માહિતી વિગેરેનું જ્ઞાન અને સમજણ-શિક્ષણ તાલીમ અપાશે.

● માંડવી ઈન્નરવ્હીલ ક્લબ તથા એઈમ્સ હૉસ્પિટલ દ્વારા તરૂણાવસ્થા માટે રેશનલ ઈમોટિવ બિહેવિયર થેરાપી વર્કશોપ યોજાયો જેમાં ૯૩ દર્દી તથા તેમના માતા પિતા જોડાયા હતા. તરૂણાવસ્થા દરમ્યાન જોવા મળતી વિવિધ પ્રકારના માનસિક સમસ્યા હાથપર એક્ટિવિટી સમાયોજન ખામી, પ્રેમમાં નિષ્ફળતા જેવી અસરકારક બાબતો પર નિષ્ણાત સાયકો થેરાપિસ્ટ અને મનો વૈજ્ઞાનિકોએ સેવા આપી હતી.

● જૈન સોશ્યિલ ગ્રુપ ગાંધીધામની સ્થાપના ૨૫ વર્ષમાં વર્ષે પ્રવેશ પ્રસંગે યોજાયેલા કાર્યક્રમમાં પાયાના કાર્ય કરો, પૂર્વપ્રમુખો વિગેરેનું સન્માન કરાયું રાઈઝિંગ સ્ટાર સ્પર્ધા, સંગીતકવાદ્ય, ટેલેન્ટસ્પર્ધા, નૃત્ય સ્પર્ધા વિગેરે કાર્યક્રમો થયા હતા.

● સર્વ સેવા સંઘ-કચ્છ અને માંડવી-મુંદરાના ધારા સભ્ય વીરેન્દ્ર સિંહ જાડેજા દ્વારા મુંદરા તાલુકાના શિરાચા ગામે યોજાયેલો સ્નેહમિલન-લોકડાયરામાં કચ્છના દુષ્કાળ ગ્રસ્ત પશુધન માટે ૧.૮૫ કરોડની ઐતિહાસિક ઘોર થઈ હતી. શિરાચાના દાનેશ્વર મહાદેવ મંદિરના સાંનિધ્યમાં ત્રણ એકર જમીન ઘેરાવામાં ખીચોખીચ ઉપસ્થિત જનમેદની ઉમટી હતી. ડાયરો મોરારદાન ગઢવી, દેવ રાજ ગઢવી અને ગીતાબેન રબારી તથા સાંજિદાવૃંદએ રજૂ કર્યો હતો.

## જીવન ઘટમાળ

**● જ્ઞાતિ સગપણ ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૨૨-૧૨-૨૦૧૮ | ઘાટકોપર | ગૌરવ સતિશ કાનજી વિકમશી | સુથરી (રાણપર) | ૩૦ |
| | ચીચબંદર | જીનાલી કેતન ધનજી મોમાયા | વરાડિયા | ૨૪ |

**● આંતરજ્ઞાતિ સગપણ ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૬-૧૨-૨૦૧૮ | બોરીવલી | આકાશ જયેશ પ્રતાપરાય ચિતલીયા | મહુઆ | ૨૮ |
| | મુલુંડ | રિદ્ધિ પ્રમેશ હંસરાજ દંડ | સાંધવ | ૨૭ |
| ૧૮-૧૨-૨૦૧૮ | ભાંડુપ | ચિંતનકુમાર બાબુભાઈ દંડ | તેરા | ૨૫ |
| | ભાંડુપ | દિશા અશોકભાઈ ભગવાનજીભાઈ પટેલ | હડાળા | ૨૬ |
| ૨૧-૧૨-૨૦૧૮ | બોરીવલી | સચીન ઉમાકાંત બાલક્રિષ્ણ ગાડ | રાજાપુર | ૩૨ |
| | ડોંબીવલી | ઉર્વશી સનત કુંવરજી ખોના | જખૌ | ૩૦ |
| ૨૩-૧૨-૨૦૧૮ | મુલુંડ | ધવલ શૈલેશ હરિભાઈ ગંધા | તુણા | ૨૫ |
| | મુલુંડ | વૃષ્ટિ જયેશ રાયચંદ નાગડા | સાંધાણ | ૨૫ |
| ૨૫-૧૨-૨૦૧૮ | ડોંબીવલી | અંકુશ ગિરીશ વીરજી દેઢીયા | મોટી વરંડી | ૨૩ |
| | ડોંબીવલી | રીયા રાજેશ પ્રવીણચંદ મૈશેરી | મોટી સિંધોડી | ૨૩ |

**● મરણ નોંધ ●**

| | | | | |
|---|---|---|---|---|
| ૧૫-૧૨-૨૦૧૮ | કોચીન | મુકેશ આણંદજી ધુલ્લા | રાપર | ૬૫ |
| ૧૫-૧૨-૨૦૧૮ | માધાપર | રતનબાઈ વિસનજી લોડાયા | સુથરી | ૮૧ |
| ૧૭-૧૨-૨૦૧૮ | અમદાવાદ | સુશીલા શાંતિલાલ લોડાયા | વારાપધર | ૮૧ |
| ૨૦-૧૨-૨૦૧૮ | ગોધરા | લાલજી જેતશી છેડા | સુજાપુર | ૮૦ |
| ૨૨-૧૨-૨૦૧૮ | રાજકોટ | જયવંતી કિશોરચંદ લોડાયા | ખાવડી નાની | ૭૨ |
| ૨૨-૧૨-૨૦૧૮ | મુલુંડ(પૂ.) | જમકુબાઈ મુલજી લાપસીઆ | કોઠારા | ૮૫ |
| ૨૩-૧૨-૨૦૧૮ | કાનપુર | કાંતાબેન રમેશચંદ્ર ધરમશી | સુથરી | ૭૩ |
| ૨૬-૧૨-૨૦૧૮ | દંતાણી | પ્રેમાબાઈ આશારીયા દંડ | લાલા | ૮૮ |
| ૨૭-૧૨-૨૦૧૮ | અંબરનાથ | દામજી પાશ્વીર મોતા | નલીયા | ૮૧ |

**જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો**

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 9769991922**

**Read E-Paper @ www.kdosamastamahajan.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**
**B-2, Krishana Kunj, V.L.Road, Mulund (West) Mumbai - 400 080.**

# NOW SAVE UPTO 99%#
# ON PREMIUM OF YOUR COMMERCIAL VEHICLES*

**(ZERO DEP COVER ALSO AVAILABLE)**



# VALID TILL 31/03/2019

* T&C APPLY

**insurancekhoj.com™**

**the ultimate stop for insurance™**

Yashodhan Karani – 9821137737 ♦ Deepak Karani - 9821082664

# Karani

insurancekhoj@gmail.com • 9004999900

# 404, BPS PLAZA, DEVIDAYAL ROAD, MULUND (WEST), MUMBAI - 400 080.

**MUMBAI • PUNE • JALGAON • JAMNAGAR • BHUJ • RAJKOT • HUBLI • BHOPAL**

# શ્રધ્ધાંજલી

ગામ :
કોઠારા
કચ્છ



નિવાસ :
સાંગલી
મહારાષ્ટ્ર

## ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (ઉ.વ.૬૯)

જન્મ તેનું મૃત્યુ, ઉદય તેનો અસ્ત
એ સનાતન સત્ય હોવા છતાં
કેટલા મૃત્યુ એવા હોય છે
જેના ઘાવ રૂઝાતા નથી,
પ્રભુ આપના દિવ્યત્મ આત્માને
શાશ્વત શાંતિ આપે એજ પ્રાર્થના

**શોકાતુર**

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજન

**Gyatimaiya**
Weekly E-magazine